Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Year: 6, Issue:173 Dt.04-05-2021 (Tuesday)
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# દેશમાં કોરોનાની ગતીને બ્રેક : નવા કેસો - મૃત્યુઆંકમાં ઘટાડો

## છેલ્લા ૨૪ કલાકમાં ૩,૫૭,૨૨૯ નવા કેસ નોંધાયા : કુલ કેસ હવે ૨ કરોડને પાર, વધુ ૩૪૪૯નાં મૃત્યુ



### ચંદીગઢમાં સાત દિવસ, બિહારમાં ૧૫ મે સુધી લોકડાઉન

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૪

છેલ્લા બે દિવસથી કોરોનાની ભયાનક ગતીને બ્રેક લાગી ગઇ હોય તેવા રાહત રૂપ સમાચારો સાપડી રહયા છે. બે દિવસથી સતત કોરોનાના નવા કેસો અને મૃત્યુઆંકમાં પણ ઘટાડો નોંધાયો છે. જેના કારણે લોકોમાં હાશકારાની લાગણી પ્રસરી છે. ચંદીગઢમાં લોકડાઉન લાદવામાં આવ્યું છે અને બિહારમાં પણ તા.૧૫ મી મે સુધી લોકડાઉન લાદવામાં આવ્યું છે.

ભારતમાં જોવા મળેલો કોરોનાનો નવો સ્ટ્રેઇ છેક અલજીરીયા પહોંચી ગયો છે અને ત્યાં ભારતીય સ્ટ્રેશનના કેસો નોંધાયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં નવા ૩,૫૭,૨૨૯ કેસો નોંધાયા હતા જે છેલ્લા બે દિવસનો સૌથી ઓછો આંકડો સુચવે છે. વધુ ૩૪૪૯ દર્દીઓ મૃત્યુને ભેટયા છે. કુલ કેસોની સંખ્યા ૨ કરોડનો આંકડો પાર કરી ગઇ છે. જયારે દેશમાં કુલ મૃત્યુઆંક વધીને ૨,૨૨,૪૦૮ થયો છે. છેલ્લા બે દિવસથી મૃત્યુદર પણ સતત ઘટાડો બતાવી રહયો છે.

ઇજરાઇએલ પણ હવે મેડિકલ ઓકિસજન, જનરેટર સહિતનો તબીબી સરંજામ ભારત મોકલી રહયું છે, વેન્ટિલેટર પણ મોકલી રહયું છે.

દેશમાં અને વિશ્વમાં બેકાબુ બનતા કોરોનાના મુદ્દા પર વિદેશ મંત્રી એસ.જય શંકરે બ્રિટનની એમની ચાર દિવસની મુલાકાત દરમ્યાન અમેરીકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લીન્કન સાથે સઘન ચર્ચા કરી હતી. ૨ કરોડ કેસો સાથે ભારત વિશ્વમાં બિજા ક્રમે આવી ગયું છે. જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં પણ કોરોના કર્ફયુ લાદવામાં

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટમાં કોરોના પોરો ખાતો નથી : વધુ ૭૨નાં મૃત્યુ

## રાજયમાં ટેસ્ટીંગ ઘટવાને કારણે કેસોમાં ઘટાડો નોંધાયો, છેલ્લા ૧૦ દિવસમાં ટેસ્ટીંગમાં ૫૦ હજારનો ઘટાડો, સુરત, અમદાવાદમાં કોરોનાની ગતી યથાવત, અમદાવાદમાં વધુ ૨૬, સુરતમાં ૧૩ અને વડોદરામાં ૧૨નાં મોત

### દેશમાં કોરોનાથી પહેલીવાર એક સિંહનું મૃત્યુ, ગીર વિસ્તારમાં વન ખાતુ સાબદુ : સાવજ ઉપર સતત નજર





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન કોરોનાના ટેસ્ટીંગમાં ઘટાડો થયો હોવાથી કેસોમાં પણ થોડું ઘટાડાનું વલણ જોવા મળ્યું છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ અને જામનગર તથા ગુજરાતમાં અમદાવાદ તથા સુરતમાં કેસો ઘટયા પણ મૃત્યુ આંકમાં બિલકુલ ઘટાડો થઇ રહયો નથી. રાજકોટમાં ૫૨૪ નવા કેસો નોંધાયા હતા જે ગત દિવસોના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો સુચવે છે. જો કે રાજકોટની કોવિડ હોસ્પિટલમાં આજે ફરી ૭૬ જેટલા દર્દીઓ મૃત્યુને

(અનુ.પાના નં.૪ ઉપર)

# રોજના ૩ લાખ કેસ છતાં લોકડાઉન નહીં જ

## ૧૦થી વધુ રાજયો એક યા બીજા પ્રકારે આંશીક લોકડાઉનની સ્થિતિમાં, કેન્દ્ર સરકાર હાલ તુરત દેશ વ્યાપી લોકડાઉન લાદવા અનિચ્છુક, ચેઇન તોડવા માટે પરંપરાગત કડક નિયંત્રણોથી ફાયદો થવાની આશા

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૪

દેશમાં કોરોનાના દૈનિક સરેરાશ ૩ લાખ જેટલા કેસો નોંધાય રહયા હોવા છતાં કેન્દ્ર સરકાર ગયા વર્ષની જેમ સંપુર્ણ દેશવ્યાપી લોકડાઉન લાદવાનો મત હાલ ધરાવતી નથી તેમ નવી દિલ્હીના આધારભુત સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. અત્યારે ૧૦થી વધુ રાજયો લોકડાઉન જેવા કડક નિયંત્રણો લાગુ કરી ચુકયા છે. મહારાષ્ટ્ર જેવા રાજયમાં નિયંત્રણોની ધારી અસર પણ દેખાઇ રહી છે. નિષ્ણાંતો સંપુર્ણ લોકડાઉનની ભલામણ કરે છે પણ કેન્દ્ર સરકાર નજીકના ભવિષ્યમાં




લોકડાઉન લાગુ કરે એવી શકયતા નથી.

અત્યારે દેશભરમાં ૧૫૦ જિલ્લાઓમાં મીની લોકડાઉન છે જ, કેન્દ્ર સરકારે કોરોના સંક્રમણની ચેઇન તોડવા માટે પરંપરાગત કડક નિયંત્રણો લાગુ કરવાનો તમામ રાજયોને આદેશ આપ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અગાઉ કહી ચુકયા છે, સાવધાની અને નિયમ પાલન થકી કોરોના કાબુમાં લેવા માગીએ છીએ દેશને લોકડાઉનથી બચાવવો છે. રાજયો માઇક્રોકન્ટેઇનમેટ ઝોન પર ધ્યાન આપે એ વધુ જરૂરી છે. નિષ્ણાંતોનો મત જો કે અલગ છે, એઇમ્સના વડા સહિતના નિષ્ણાંતો અને ખુદ સુપ્રિમ કોર્ટ પણ સંપૂર્ણ લોકડાઉનની જ ભલામણ કરી રહયા છે. સરકારની ટાસ્ક ફોર્સ પણ એવું ઇચ્છે છે. સોશીયલ મીડિયામાં પણ સતત અફવા ફેલાઇ રહી છે કે સરકાર ગમે ત્યારે લોકડાઉન લાગુ કરી દેશે. પરંતુ માહિતગાર સુત્રોનું માનીએ તો કેન્દ્ર અત્યારે એવું પગલુ લેવાનું જરાઇ વિચારી રહી નથી. કડક નિયંત્રણો અને નિયમ પાલન કરાવીને સંક્રમણ કાબુમાં લેવાની વ્યૂહ રચના ધરાવે છે. કેન્દ્રને એવો ડર છે કે, લોકડાઉનથી અર્થતંત્ર પર વિનાશક અસરો થઇ શકે છે. લોકો નોકરીઓ ગુમાવી શકે છે, શ્રમિકોની હિજરત પણ ફરી ચાલુ થઇ જવાના ડર રહે છે એ ધ્યાનમાં રાખી રાજયો અને કેન્દ્ર શાસીત પ્રદેશોને છુટો દોર આપ્યો છે.

# પશ્ચિમ બંગાળમાં પરિણામો બાદ વ્યાપક હિંસા, ૧૧નાં મોત

## કેન્દ્ર સરકારે તાકિદે રાજય પાસેથી અહેવાલ માંગ્યો, હિંસા સામે દેશવ્યાપી ધરણાનો કાર્યક્રમ જાહેર કરતો ભાજપ



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૪

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પરીણામો બાદ ભારે હિંસા ફાટી નિકળતા ૧૧થી વધુના મોત થયાનું જાહેર થયું છે. ભાજપના એક અને તૃણમુલ કોંગ્રેસના ૪ કાર્યકરોનો મોત થયાનો દાવો બન્ને પક્ષોએ કર્યો હતો. કેન્દ્ર સરકારે રાજકીય વિપક્ષી કાર્યકરો પર હુમલાઅને હિંસાખોરીના બનાવો અંગે રાજય સરકાર પાસેથી તાકિદે અહેવાલ મગાવ્યો છે. કેન્દ્રના ગૃહખાતાએ બંગાળ સરકાર પાસેથી બધી વિગતો માંગી છે. મમતા બેનર્જીએ શાંતીની અપીલ કરી હતી અને લુંટ, આગજની, હત્યાઓ અટકાવવા તાકિદે પગલા લેવા ગર્વનર જગદિપ ધાનકરે મમતા બેનર્જીને અનુરોધ કર્યો હતો.

દરમ્યાન ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા આજે પશ્ચિમ બંગાળની બે દિવસની યાત્રાએ દોડી ગયા છે. તેમણે હિંસા બદલ ટીએમસી કાર્યકરો પર દોષારોપણ કર્યુ હતું અને જાહેર કર્યુ હતું કે, બંગાળની હિંસાખોરીના વિરોધમાં ભાજપ દ્વારા દેશ વ્યાપી ધરણા કરવામાં આવશે. તેમણે સાથેસાથે સ્પષ્ટા કરી હતી કે, રાજયભરમાં અને દેશમાં કોવિડના નિયમના પાલન સાથે ધરણા કરવામાં આવશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, એક રાતમાં ૪ હજાર ભાજપી કાર્યકરોના મકાનમાં તોડફોડ કરવામાં આવી હતી. ભાજપના નેતાઓ રાજયપાલને મળવા દોડી ગયા હતા. ભાજપના નેતાઓએ કાર્યકરોના રક્ષણ માટે તાત્કાલીક સુરક્ષા આપવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને અનુરોધ કર્યો હતો.

### મહારાષ્ટ્રના નાંડેદ જિલ્લામાં ભયંકર વર્ગ ભેદ

# ડો. આંબેડકરના માનમાં સુત્રો પોકારવા બદલ 30 બૌધ્ધ પરિવારોનો સામાજીક બહિષ્કાર

**(એજન્સી સમાચાર)**

મુંબઇ, તા.૪

મહારાષ્ટ્રના નાંડેદ જિલ્લામાં આવેલા મોડખેડ તાલુકાના રોહીપીંપલ ગાવ નામના એક નાના ગામમાં ડો.બાબા સાહેર આંબેડકરની પ્રશંસામાં સુત્રો પોકારવા બદલ ૩૦ બૌધ્ધ પરીવારોનો મરાઠા જ્ઞાતીએ સામાજીક બહિષ્કાર શરૂ કરતા મહારાષ્ટ્રમાં ઘેરા પડધા પડયા છે અને દલીત સમાજમાં રોષની લાગણી પ્રસરી છે. છેલ્લા એક સપ્તાહથી આ ગામના બૌધ્ધ ધર્મ અંગીકાર કરેલા ૩૦ દલીત પરીવારોનો સામાજીક બહિષ્કાર ચાલી

(અનુ.પાના નં.૪ ઉપર)

## મરાઠાઓ દ્વારા દુધ, કરીયાણું સહિતની ચીજો આપવાનું બંધ કરાયું, દલીતોમાં રોષ




# એક સીગારેટના વાંકે ૧૮ને કોરોના વળગ્યો

## હૈદરાબાદની ઘટના સહુ માટે લાલબતી સમાન

**(એજન્સી સમાચાર)**

હૈદરાબાદ, તા.૪

એક સીગારેટના વાંકે ૧૮-૧૮ વ્યકિતઓને કોરોનાનો ચેપ લાગી ગયાની ચોકાવી દેનારી ઘટના તેંલગણાના પાટનગર હૈદરાબાદમાં બનવા પામી હતી. હૈદરાબાદના શ્રીનગર કોલોની વિસ્તારમાં એક માર્કેટીંગ મેનેજરની બેદરકારી લોકોને ભારે પડી ગઇ હતી. તેના કારણે તેના સાથીઓને હોમઆઇસોલેટ થવું પડયું હતું. ઓફિસના કામે જતી વખતે આ મેનેજર કેબીઆર પાર્કમાં થોડીવાર રોકાયો અને કોઇ વ્યકિત પાસેથી સીગારેટ માંગી હતી અને ઓફીસમાં પાછા ફરી સીગારેટ પેટાવી હતી.

ત્રણ દિવસ બાદ મેનેજરને શખ્ત તાવ ચડી ગયો હતો અને શરીર દુખવા લાગ્યું હતું. સીટીસ્કેન થતા જ કોરોનાનો ચેપ જાહેર થયો એટલુ જ નહીં તેના ફેફસાને પણ ૩૦ ટકા નુકશાન થઇ ગયું હતું. ઓફીસના તમામ ૨૦ કર્મચારીઓનું ટેસ્ટીંગ કરાતા ૧૮ જણા કોરોના પોઝિટિવ જણાયા હતા. ખીજાયેલા સાથી કર્મચારીઓએ માર્કેટીંગ મેનેજર સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

## લોકડાઉન અથવા નિયંત્રણ અંગે આજે સાંજ સુધીમાં નિર્ણય, જૂનાગઢમાં મુખ્યમંત્રી રૂપાણીની જાહેરાત

## કોરોના સંક્રમણ વધતા આખરે આઇપીએલ રદ્

## માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

### વિજય બાદ મમતા બેનર્જીની સ્પષ્ટ માંગણી

# દેશભરમાં મફત રસીકરણ કરો

## મારૂ પહેલું કામ રાજયમાં કોવિડને કાબુમાં લેવાનું, તૃણમુલ વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે ચુટાયા, આવતીકાલે મુખ્યમંત્રી તરીકે શપથ લે તેવી શકયતા

**(એજન્સી સમાચાર)**

કોલકત્તા, તા.૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે હેટ્રીક સર્જવા થઇ રહેલા દિગ્ગજ નેતા અને તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ દેશભરમાં મફત કોરોના રસી આપવા કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી કરી હતી. મમતા આજે ટીએમસી વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુ મતે ચુટાઇ આવ્યા હતા. આવતીકાલ તા.૫ મેના રોજ તેઓ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરે તેવી શકયતા છે.

પ્રચંડ વિજય બાદ પત્રકારો સાથે વાતચીત કરતા મમતાએ જણાવ્યું હતુ કે, કોરોના મહામારી સામે લડત ચલાવી તેને મહાત કરવાનું કામ મારા માટે અત્યારે સૌથી મહત્વનું રહેશે. સરકારે દેશ આખામાં મફત રસીકરણ કરવું જોઇએ. બંગાળના ગર્વનર જગદીપ ધાનકરને મળી મમતાએ રાજીનામું આપ્યું હતું.બાદમાં રાજભવનની બહાર જણાવ્યું હતું કે, કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી હું આવતીકાલે એકલી જ શપથ લઇશ. અન્ય મંત્રીઓની શપથ વિધિ બાદમાં થશે.

મમતા જયાંથી ચૂંટણી લડયા હતા એ નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી પંચે પહેલા મમતાને વિજેતા જાહેર કર્યા બાદ પરીણામ બદલાવી નાખ્યું હતું અને એમના હરીફ સુવેંદુ અધિકારીને ચૂંટાયેલા જાહેર કરાયા હતા પંચના ફેંસલાની સામે મમતા સુપ્રિમમાં ધા નાખી રહયા છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/



## સાગર ગોગરાનો આજે જન્મદિવસ

બહોળો મિત્ર વર્ગ ધરાવતા સાગર ગોગરા નો આજે જન્મદિવસ છે. તેમણે યશસ્વી જીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરી ૨૬ માં વર્ષ માં મંગલ પ્રવેશ કર્યો છે. મિલનસાર સ્વભાવના કારણે આજે તેમના મોબાઈલ નંબર ૯૮૯૮૧૬૦૮૯૫ પર સગા સંબંધી, મિત્ર મંડળ તેમજ ખાસ મિત્રો દ્વારા શુભેચ્છા નો મિઠો મેહ વરસી રહ્યો છે ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તરફથી સાગર ગોગારાને જન્મદિવસ ની અઢળક શુભકામનાઓ....

# શ્રધ્ધાજંલિ / બેસણું

| જાહેર ખબર પ્રકાર | આવૃતિ | સાઈઝ | ભાવ |
|---|---|---|---|
| બેસણું/શ્રધ્ધાજંલિ | રાજકોટ | 5x2 | 200 5% GST |

**જાહેરાત માટે સંપર્ક કરો:** 90333 44426

125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

WhatsApp કરો

**તમારા ન્યુઝને**

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:** 90333 44426




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

## રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર પાસે પુરતો જથ્થો છે તો ગુંચવાડો કેમ ?

# રેમડેસિવિરની માહિતી આપવા ચલક ચલાણું, બીજે ઘેર....




## રેમડેસિવિર માટે હજુ પણ લાઈનોઃ વિતરણ વ્યવસ્થાના આંકડા કલેકટર તંત્ર ક્યારે રજુ કરશે?ઃ વેધક પ્રશ્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં કોરોનાના કેસોમાં અને મૃત્યુદરમાં નોંધ પત્ર ઘટાડો થતા તંત્ર અને લોકોને થોડી રાહત મળી છે. લોકોમાં સોશિયલ ડીસ્ટન્સ અને માસ્કની જાગૃતિ પણ કારણભૂત હોવાનું જાણકારો કહી રહ્યા છે. કલેકટર તંત્ર દ્વારા ૧૦-૧૫ દિવસ પહેલા ચૌધરી હાઇસ્કુલ ગ્રાઉન્ડમાં ૨૦૦ બેડની ડોમ હોસ્પિટલ ઉભી કરવાનું જાહેર કર્યું હતું. પરંતુ ઓક્સિજન સપ્લાય સહિતની દુવિધાને કારણે સૌરાષ્ટ્ર યુનિ કેમ્પસમાં આ હોસ્પિટલ શરુ કરવામાં આવશે અને બેડની સંખ્યા તબક્કાવાર વધારવામાં આવશે. એવું અધિકારીક સુત્રોએ જણાવ્યું હતું. જયારે રેમડેસીવીર સંબંધ અછતની રાડ હજુ પણ પહેલા જેવી જ વ્યવસ્થાના કોઈ પારદર્શી આંકડા આપવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. તેવું લોકો જણાવી રહ્યા છે.

પખવાડિયા પહેલા કોરોનાએ ધડાકા સાથે માથું ઉંચકતા સમગ્ર તંત્ર ઉંધા માથે થઇ ગયું હતુ અને રોગચાળાને અંકુશ લેવા ઢગલાબંધ જાહેરાતો થઇ હતી. તે પૈકી ચૌધરી હાઈસ્કુલના મેદાનમાં ૨૦૦ બેડની ડોમ હોસ્પિટલ ત્વરિત ઉભી કરવા જાહેરાત કરાઈ હતી. તેને બદલે હવે આ હોસ્પિટલ સૌરાષ્ટ્ર યુનિ કેમ્પસમાં શરુ કરશે અને તબક્કાવાર બેડની સંખ્યા વધારશે એવું કલેકટર તંત્રએ જણાવ્યું હતું. ચૌધરી હાઈસ્કુલમાં ઓકિસજન સપ્લાય સહિતના કેટલાક કારણો ડોમ હોસ્પિટલ ઉભી કરવામાં અવરોધ રૂપ હતા. હવે ચૌધરી હાઇસ્કુલના ડોમમાં કોવિડ દર્દીના સગા-સંબંધીઓને આરામ કરવા માટે અહીં સુવિધાઓ ઉભી કરાશે અને આ ડોમ લોકોની સુખાકારી માટે ઉપયોગ લેવાશે.

કલેકટર તંત્ર દ્વારા જાણવામાં આવ્યું છે કે રેમડેસીવીર ઇન્જેક્શનની હવે કોઈ અછત નથી. પરંતુ જેની હકીકત જુદી છે. કોવિડ દર્દીના સગાઓ હજુ પણ ઇન્જેક્શન માટે લાઈનોમાં ઉભા છે. જો ઇન્જેક્શનનો જથ્થો પુરતો હોય તો લાંબી લાઈનો કેમ લાગી છે. તેનો જવાબ આપવામાં કલેકટર તંત્ર નિષ્ફળ રહ્યું છે?

રેમડેસીવીરનો જથ્થો કલેકટર તંત્ર પાસે આવ્યા બાદ તેના વિતરણ સંબંધિત આંકડા બાબત તંત્ર મૌન સેવે છે ? વાસ્તવમાં તંત્રએ કેટલાક ઇન્જેક્શન પ્રાઇવેટ હોસ્પિટલ/ડોકટરોને આપ્યા? કેટલા ઇન્જેક્શન સરકારી હોસ્પિટલને આપ્યા? આ સંબંધી પારદર્શી આંકડાઓ જાહેર કરવામાં આવે તો લોકોમાં ઇન્જેક્શનની અછત હોવાનો ભ્રમ દુર થશે. તેવું જાણકારોમાં ચર્ચાઈ છે. રાજકોટ-સૌરાષ્ટ્રમાં દૈનિક ઘટાડો અને મૃત્યુદરમાં નોંધ પાત્ર ઘટાડો થયો હોવાથી લોકોમાં અને મેડીકલ-પેરા મેડીકલ સ્ટાફ નવી આશાનો સંચાર થયો છે. આવનારા દિવસોમાં તંત્ર દ્વારા વધુ પારદર્શી નિર્ણયો લઇ લોકોને વધુ સુખાકારી આપે એવી આશા સેવાઈ રહી છે. રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર પાસે પુરતો જથ્થો હોય તો રેમડેસિવિર ઇન્જેક્શનની માહિતી જાહેર કરવામાં વાંધો શું ? તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

## મેયર બંગલા -પુજિત રૂપાણી ટ્રસ્ટ બિલ્ડીંગમાં કોવિડ હોસ્પિટલ શરૂ કરવી જોઇએ

### અગાઉ રજૂઆત કરેલી છતાં ઠુકરાવી દીધીઃ ઈશ્વરદાસ કાપડી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

ભારતીય સામ્યવાદી પક્ષ-જીલ્લા મંત્રી ઈશ્વરદાસ કાપડીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કોરોનાએ વિકરાળરૂપ ધારણ કરતાં લોકોને કોરોનાથી સંક્રમિત થતા બચાવવા તથા સંક્રમિત લોકોની સારવાર માટે શહેરની મધ્યમાં કોવિડ -૧૯ ની ખાનગી હોસ્પિટલોને મંજૂરી આપવાના સરકારના નિર્ણય સામે કોરોનાની ગંભીરતાને લક્ષમાં લઈ તે સામે પ્રબુધ્ધ લોકોએ વિરોધ અને વાંધા ઉઠાવેલ. તે અન્વયે રાજયના મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી તથા લાગતાવળગતા જવાબદાર સત્તાધિશોને પૂર્વ ડેપ્યું. મેયર સોજીત્રાએ આવેદન પાઠવીને કોરોના શહેરમાં લોકોને અજગર ભરડો ન લે, સામાન્ય જનતા મોતના મુખમાં હોમાય ન જાય તે માટે શહેરની બહાર શહેરના છેવાડે કોવિડ-૧૯ હોસ્પિટલ નિર્માણ કરવાની તથા ખાલી રહેતા મેયરના બંગલામાં તેમજ પુજિત રૂપાણી ટ્રસ્ટના બિલ્ડીંગમાં નિર્માણ કરવાની અને નિઃશુલ્ક સારવાર આપવાની નૈતિક ફરજ અને જવાબદારી નિભાવવાની માંગણી પ્રસ્તુત કરેલ તેમ છતાં શાસકોએ લોકોની તથા વિપક્ષની આ વાત ઠુકરાવીને ધરાર શહેરની મધ્યમાં ખાનગી હોસ્પિટલોને પીળો પરવાનો આપ્યો.(૧.૬)

### વોર્ડ નં.૭, ૧૭ માં કોરમના અભાવે મીટીંગ મુલત્વી

## વોર્ડ કમિટીના ચેરમેન તરીકે કોર્પોરેટરોની વરણી

### મેયર ડો.પ્રદિપ ડવ. સ્ટે. ચેરમેન પુષ્કર પટેલ, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ શુભેચ્છા પાઠવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજ્ય સરકાર દ્વારા નિયત કરાયેલ નિયમોને આધીન વોર્ડ સમિતિની રચના કરવાની થાય છે. ગત તા.૧૨/૦૩ થી નવા બોર્ડની રચના થઇ ગયેલ છે. જેથી વોર્ડ કમિટીની રચના માટે આજે સવારે ૧૦ કલાકે જે તે વોર્ડની વોર્ડ ઓફિસે વોર્ડ કમિટીની રચના માટે મીટિંગ બોલાવવામાં આવેલ.

વોર્ડ કમિટીમાં જે તે વોર્ડના કોર્પોરેટરો સભ્ય તરીકે હોય છે. આ કમિટીના સભ્ય દ્વારા કોઇપણ એક સભ્યની ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવે છે. યોજાયેલ આ મીટીંગમાં જુદા જુદા વોર્ડમાં વોર્ડ નં.૦૧માં દુર્ગાબા જાડેજા, વોર્ડ નં.૦૨માં મીનાબા જાડેજા, વોર્ડ નં.૦૩માં અલ્પાબેન દવે, વોર્ડ નં.૦૪માં કાળુભાઈ કુગસિયા, વોર્ડ નં.૦૫માં હાર્દિકભાઈ ગોહિલ, વોર્ડ નં.૦૬માં પરેશભાઈ પીપળીયા, વોર્ડ નં.૦૮માં બિપીનકુમાર બેરા, વોર્ડ નં.૦૯માં આશાબેન ઉપાધ્યાય, વોર્ડ નં.૧૦માં નરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા, વોર્ડ નં.૧૧માં રણજીતભાઇ સાગઠીયા, વોર્ડ નં.૧૨માં મગનભાઈ સોરઠીયા, વોર્ડ નં.૧૩માં સોનલબેન સેલારા, વોર્ડ નં.૧૪માં નિલેશભાઈ જલુ, વોર્ડ નં.૧૬માં સુરેશભાઈ વસોયા, વોર્ડ નં.૧૮માં નરસિંહભાઈ ગાજીપરા વિગેરેને વોર્ડ કમીટીના ચેરમેન તરીકેની વરણી કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૭ તથા ૧૭માં કોરમના અભાવે મીટિંગ મુલત્વી રહેલ છે.

વોર્ડ કમિટીના નિયુક્ત થયેલ ચેરમેનઓને મેયર ડો.પ્રદિપ ડવ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલે શુભેચ્છા પાઠવેલ હતી.

## રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાને અટકાવવા જિલ્લા પંચાયતનો એક્શન પ્લાન તૈયાર

### ગ્રામ પંચાયતદીઠ અલગ અલગ ૩ ટીમ બનાવી, ડોર ટુ ડોર સર્વે કરાશે : બહારથી આવતા વ્યક્તિને કોરોના છે કે નહીં?, વેક્સિનેશન કંઇ રીતે વધારવું સહિતની કામગીરી કરાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા ૦૪

રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોના સંક્રમણને અટકાવવા માટે રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા વધુ એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. કોરોનાની બીજી લહેરમાં રાજકોટ જિલ્લાના મોટાભાગના ગામોમાં કોરોનાનું સંક્રમણ ફેલાય ચૂક્યું છે. માટે જિલ્લા પંચાયત દ્વારા કોરોનાના સંક્રમણને અંકુશમાં મેળવવા માટે ગ્રામ પંચાયત દીઠ અલગ અલગ ત્રણ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમ દ્વારા કોરોનામાં અંકુશ કંઇ રીતે મેળવવો સાથે જ બહારથી આવતા વ્યકિત કોરોના સંક્રમણ છે કે નહીં? વેક્સિનેશન કંઇ રીતે વધારવું સહિત કામગીરી માટે ડોર ટુ ડોર સર્વે કામ કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે જસદણ બેઠક પરના બે વિજયી બનેલા ઉમેદવારોનું પણ કોરોનામાં મોત નિપજતા તંત્ર પણ સફાળું જાગ્યું હતું.

ગ્રામ્ય વિસ્તારોમાં સતત કોરોનાના કેસ વધી રહ્યાં છે. ત્યારે ડીડીઓ દ્વારા ટીમ બનાવવામાં આવી છે. જેમાં ગામમાં બહારથી આવતી વ્યકિતઓ કોરોના સંક્રમિત છે કે નહીં? તેમને તપાસવું. તેમજ ગામમાં લગ્ન પ્રસંગ કે અન્ય પ્રસંગોમાં કેટલા લોકો ઉપસ્થિત છે. તેમજ ગામમાં કંઇ રીતે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે સહિતની સમિતી દ્વારા બનાવાયેલી ટિમ ૧ દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

ડીડીઓ અનિલ રાણાવસીયાએ જણાવ્યું હતું કે, મોટાભાગના ગામોમાં ખોટી રીતે ટેસ્ટ મોટા પ્રમાણમાં લોકો કરતા હોય છે. જેને લઇ કોરોના ટેસ્ટમાં ઉપયોગ થતી કીટમાં ઘટાડો આવે છે. જેને લઇ ગામમાં પહેલા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ડોર ટુ ડોર સર્વે કરવામાં આવશે. જેમાં કોરોનાના લક્ષણો જણાશે તેઓના કોરોના ટેસ્ટ ફરજીયાત કરવામાં આવશે. આ સર્વે માત્ર ૧૦ દિવસમાં રાજકોટ જિલ્લામાં પૂર્ણ કરવામાં આવશે. અત્યાર સુધી ગામના લોકો કોરોના લક્ષણો ન જણાતા લોકો પણ ટેસ્ટ કરાવવા ઉમટતા જેને લીધે ટેસ્ટિંગ કીટમાં ઘટાડો આવતો જેને લઇ ખાસ ટીમ તૈયાર કરવામાં આવી.

રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫થી વધુની ઉંમરના લોકોને ૨.૫ લાખ જેટલું વેક્સિનેશન કરવામાં આવ્યું છે.

જ્યારે હવે ટૂંક સમયમાં ૧૮થી મોટી ઉંમરના લોકોનું વેક્સિનેશન કરવામાં આવશે. ત્યારે તેમના માટે ખાસ એક ટીમ બનાવવામાં આવી છે અને ગામમાં ઘરે ઘરે જઇ લોકોને વેક્સિનેશન લેવા માટે જાગૃત કરશે અને જિલ્લામાં કંઇ રીતે વધુમાં વધુ વેક્સિનેશન થાય તેના પર ભાર આપશે.

### રાજકોટ જિલ્લામાં ૬૦૦માંથી ૫૦૦ જેટલા ગામડામાં સ્વૈચ્છિક લોકડાઉન તરફ

રાજકોટ જિલ્લામાં કોરોનાને અંકુશમાં લેવા માટે ડીડીઓ દ્વારા ગામ દીઠ અલગ - અલગ ત્રણ ટીમો બનાવવામાં આવી છે. આ ત્રણેય ટીમોમાં દશ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને આ સર્વે માત્ર દશ દિવસમાં કોરોના સર્વે પૂર્ણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે , કોરોના પર અંકુશ મેળવવા માટે અત્યાર સુધી રાજકોટ જિલ્લામાં ૬૦૦માંથી ૫૦૦ જેટલા ગામડાઓ સ્વૈચ્છીક લોકડાઉન પાળી રહ્યાં છે.

## અભણ લોકો રસીકરણનો લાભ લઈ શકે તેવી વ્યવસ્થા કરો

### ૧૮ વર્ષથી વધુ વયના લોકો માટે વેક્સિન વિનામુલ્યે આપવા બદલ મુખ્યમંત્રીનો આભાર માનતા મોહન સોજીત્રા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને ગત તા. ૨૬-૪ ના રોજ લેખિત પત્ર પાઠવીને પૂર્વ ડેપ્યુ. મેયર મોહનભાઈ સોજીત્રાએ જણાવ્યું છે કે ગુજરાતમાં ૧૮ થી ૪૫ વર્ષ સુધીની ઉંમરની આશરે ૩.૨૬ કરોડ વ્યક્તિને વેકસીનેશન ડોઝ વિના મુલ્ય અપાશે જે નિર્ણય ખૂબજ આવકારપાત્ર છે.

આ અંગે ગુજરાત સરકારે પૂનાની સીરમ ઈન્સ્ટીટયુટ તથા બાયોટેક કોવેકસીન વેકસીનનો ઓર્ડર આપેલ છે. તો કોરોનાની વેકસીન બનાવનાર બંને કંપનીને વેકસીન સમયસર મળી રહે તેવો તેમની પાસે પ્રબંધ કરાવવા મુખ્યમંત્રીને સુચવ્યું છે. તદઉપરાંત તા.૧ મે ૨૦૨૧થી ગુજરાતના તમામ શહેર જિલ્લામાં ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકોને કોરોના રસી મૂકવાનું શરૂ થવા જઈ રહ્યું છે. રાજકોટ શહેર જિલ્લાની ચૂંટણી પંચની મતદાર યાદીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરેલ તમામ નવ યુવાનોથી લઈને ૪૫ વર્ષની વ્યક્તિઓ પણ કોરોના રસીકરણ કરાવવા કટીબધ્ધ હોય, પરંતુ આપ જાણો છો તે મુજબ આપણું ગુજરાત રાજ્ય સાક્ષરતા દરજજે ઉણું ઉતરતું હોય અને ગુજરાતી-હિન્દીમાં પણ ફાંફા મારતું હોય આવા નિરક્ષર અભણ પાસે આવી આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન હોતું નથી. માટે આવી રસીકરણ કરાવવા ઈચ્છનાર વ્યક્તિ રસીકરણથી વંચિત રહી જાય તેવી પુરેપુરી સંભાવના છે. તો એપ્લીકેશન અને વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરાવવું નોટીફીકેશન જાહેર કરેલ છે, તે તાત્કાલિક રદ કરવા અથવા તો અભણ-અજ્ઞાન વ્યકિતઓ સરળતાથી રસીકરણ લાભ લઈ શકે તેવો ચુસ્ત પ્રબંધ કરવા-કરાવવા સોજીત્રાએ મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરેલ છે.(૧.૬)

## વોર્ડ નં.૧૦ માં યુવા ભાજપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી ના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા વોર્ડ નંબર ૧૦ માં પારસ હોલ પર બ્લડ ડોનેશન કેમ્પ યોજાયેલ હતો. હાલના સમયમાં બ્લડની ખૂબ જ અછત હોય તેને અનુલક્ષીને કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં દરેક રક્ત દાતાઓને રક્તદાન માટેની અપીલ કરવામાં આવી હતી. આ તકે પ્રદેશ ભાજપના મંત્રી બીનાબેન આચાર્ય ,શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ વોર્ડ નંબર ૬ ના કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા

(p p) ,વોર્ડ નંબર ૧૦ના પ્રમુખ રજનીભા ઈ ગો લ,અગ્રણી પરેશભાઈ હુંબલ ,શિશુ કલ્યાણ સમિતિના ચેરમેન જ્યોત્સનાબેન ટીલાડા આરોગ્ય સમિતિના ચેરમેન ડો.રાજેશ્રીબેન ડોડીયા ,કોર્પોરેટર નિરૂભા વાઘેલા, યુવા મોરચાના પ્રમુખ સંજય વા ધ ર, સેનેટ સભ્ય ભરતસિંહ અને ધર્મરાજ સિંહ જાડેજા દર્શીલ પટેલ, યસ ગોંડલીયા જોડાયેલા હતા.

# પુત્ર-પુત્રીને ઝેરી દવા પીવડાવી આપઘાતનો પ્રયાસ કરનાર સામે હત્યાનો ગુનો નોંધાયો

### ઝેર પીધા બાદ યુવાને ખિસ્સા તરફ ઈશારો કરી ચિઠ્ઠી આપી હતી, જેમાં આર. ડી. વોરા, દિલીપ કોરાટ, નરેન્દ્ર પૂજારા, દિનેશ, ભાવીનના નામનો ઉલ્લેખઃ કોનો શું રોલ? તે જાણવા કમલેશભાઈ ભાનમાં આવે તેની રાહ જોતી તાલુકા પોલીસ : ચિઠ્ઠીમાં જેના નામ છે એ તમામના ફોન બંધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા ૦૪

શહેરના નાના મવા મેઈન રોડ પર શિવમ પાર્કના કર્મકાંડી યુવાન સામે પિતા સામે પુત્રની હત્યા- પુત્રીના ખૂનના પ્રયાસ અંગેનો ગુનો પત્નીની ફરિયાદ પરથી નોંધાયો છે.

જ્યારે સ્યુસાઇડ નોટ કબ્જે કરી પોલીસે અન્ય ચાર શખ્સો સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ નાના મવા રોડ અજમેરા શાસ્ત્રીનગર સામે આવેલા શિવમ્ પાર્ક-૨માં રહેતાં અને કર્મકાંડ કરી ગુજરાન ચલાવતાં કમલેશભાઇ રામકૃષ્ણભાઇ લાબડીયા (ઉ.વ.૪૦) નામના યુવાને પોતાના પુત્ર અંકિત (ઉ.વ.૨૨) અને પુત્રી કૃપાલી (ઉ.વ.૨૦)ને આ કોરોનાની દવા છે પી જાવ એટલે કોઇને કોરોના નહિ થાય તેમ કહી પાણીની બોટલોમાં ભેળવેલી ઝેરી દવા આપતાં બંને ભાઇ બહેન પી ગયા હતાં અને બાદમાં કમલેશભાઇ પણ પી ગયા હતાં. પત્નિ જયશ્રીબેનને શંકા ઉપજતાં તેણે દવા પીધી નહોતી. સારવાર દરમિયાન દિકરા અંકિતનું મોત નિપજતાં પોલીસે જયશ્રીબેનની ફરિયાદ પરથી તેના પતિ કમલેશભાઇ સામે દિકરાની હત્યા અને દિકરીની હત્યાનો પ્રયાસ કરી આપઘાતનો પ્રયાસ કરવાનો ગુનો નોંધ્યો છે.તાલુકા પોલીસે આ બનાવમાં જયશ્રીબેન લાબડીયા (ઉ.વ.૪૦)ની ફરિયાદ પરથી તેના પતિ કમલેશભાઇ રામકૃષ્ણભાઇ લાબડીયા સામે આઇપીસી ૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબ ગુનો નોંધ્યો છે.

જયશ્રીબેને ફરિયાદમાં જણાવ્યું છે કે રવિવારે રાતે અમે બધા ઘરમાં હતાં. રાતે સવા બારેક વાગ્યે મારા પતિ કમલેશભાઇએ કહેલું કે હું કોરોનાની દવા લાવ્યો છું, આપણે બધા પી લઇએ એટલે કોરોના ન થાય. તેમ કહી પહેલા મારા પતિએ દવા શીશીમાંથી ગ્લાસમાં કાઢીને પીધી હતી. પછી મારા દિકરા અંકિત અને દિકરી કૃપાલીને આપી હતી અને એ બંનેએ પણ પીધી હતી. એ પછી મને પણ આપી હતી. પરંતુ મેં પીધી નહોતી. થોડીવારમાં પતિ, પુત્ર, પુત્રી ઉલ્ટીઓ કરવા માંડતાં મેં મારા જેઠ કાનજીભાઇને ફોન કરેલો અને ૧૦૮ આવી ગઇ હતી.ત્રણેયને હોસ્પિટલે લઇ જવાયા હતાં. મારા જેઠ કાનજીભાઇએ મારા પતિ કમલેશભાઇને દવા પીવા બાબતે પુછતાં તેમણે કહ્યું હતું કે-મકાનના સોદા બાબતે આર. ડી. વોરા વકિલે મારી સાથે રૂપિયા બાબતે દગો કરેલ છે, રૂપિયાના વાંકે મારા દિકરા અને દિકરીના લગ્ન અટકી જશે. એ પછી પોતાના ખિસ્સા તરફ ઇશારો કરતાં તેમના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી હતી.

જેમાં મકાનના સોદા બાબતેના રૂ. ૬૫ લાખ બાબતે વકિલ આર.ડી. વોરા, દિલીપભાઇ કોરાટે ખોટા આક્ષેપ કરેલ છે અને તેના કારણે આર્થિક સંકડામણમાં છું સહિતની હકિકત લખેલ હોઇ પોતે ઝેરી દવા પી લીધી છે તેમ કહ્યું હતું.

દિકરા અંકિતનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. દિકરી અને પતિ સારવાર હેઠળ છે. તેમ જયશ્રીબેને પોલીસને જણાવ્યું હતું.

પોલીસે આ ઘટનામાં હાલ કમલેશભાઇ સામે હત્યા, હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો છે. ચિઠ્ઠીમાં જે પાંચ નામોનો ઉલ્લેખ છે એ તમામનો શું રોલ છે? એ જાણવા પોલીસે ફોન જોડ્યા હતાં તેમજ ઘરે તપાસ કરી હતી. પરંતુ ફોન બંધ આવ્યા હતાં અને કોઇ મળી આવ્યા નથી.બીજી તરફ કમલેશભાઇ બેભાન હોઇ તેઓ ભાનમાં આવે તેની પોલીસ રાહ જોઇ રહી છે. તાલુકા પીઆઇ જે. વી. ધોળા, પીએસઆઇ એ. જી. અંબાસણા, ભરતભાઇ વનાણી, પીએસઆઇ એન. ડી. ડામોર સહિતની ટીમે તપાસ શરૂ કરી છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાને હરાવવા એક થવું પડશે...

દેશમાં છેલ્લા ત્રણેક માસથી કાચબા ગતિએ કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો હતો..જેની ધીરી ગતિ હોવા છતાં કોરોનાની સંખ્યા દિનપ્રતિદિન વધતી ગઈ હતી. જેમાં કોરોનાની બીજી લહેર સ્વરૂપ બદલીને ત્રાટકી આને દેશના ૧૧ રાજ્યોની હાલત ડામાડોળ કરી નાખી. ઓક્સિજનની અછત, મોટાભાગની હોસ્પિટલો દર્દીઓથી હાઉસ ફુલ છે, હોસ્પિટલો બહાર દર્દીઓની લાઈનો લાગેલી છે, રડેસિવિરની અછતે લોકોને ઓક્સિજન સિલિન્ડર મેળવવાની જેમ દોડતા કરી દીધા છે. તે સાથે મોટાભાગના સ્મશાનગૃહો બહાર મૃતદેહોની અંતિમ સંસ્કાર માટે લાઈનો લાગી છે.આવા કારણોસર આમ પ્રજાને વર્તમાન શાસકો સામે ભારે આક્રોશ વ્યાપી ગયો છે!

કોરોના સંકટને નિપટવામા તદ્દન નિષ્ફળ ગયા હોવાની વાતો લોકો કરી રહ્યા છે. કારણ અગાઉના સમયમાં શિતળા, પ્લેગ, હિપેટાઇટીસ-બી, ઉપરાંત અન્ય ચેપી વાયરસ રોગો જોયેલા છે અનેતે સમયની સરકારોએ આવા રોગોને નાથવા જે પગલાઓ લીધા તે પ્રશંસનિય હતા. જ્યારે હાલના ભાજપ સત્તાધીશો પ્રજાનો પ્રેમ, લાગણી, હમદર્દી, જાળવી રાખવામાં નિષ્ફળ નિવડ્યા છે! અને આવા કપરા કાળમાં જ્યારે આમ પ્રજા કોરોનાથી બચવા અહીં તહી દોડતી રહી અને નેતાઓના કહેવા અનુસાર માસ્ક સહિત કોરોના નિયમોનું પાલન કરતી રહી...તો કેટલાકો ભૂલને કારણે દંડાતા રહ્યા. ચૂંટણી સભાઓ, રેલીઓ યોજી અને ચૂંટણી પંચને આમાંનુ કઈ દેખાતું ન હતું.! છેવટે મદ્રાસ હાઈ કોર્ટની એક જ ચેતવણી-દિશા નિર્દેશે ચૂંટણીપંચની ઊંઘ ઉડાડી દીધી અને ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાઓ મત ગણના સિવાયની પૂર્ણ થઇ ગઇ હતી ત્યારે જ સભા-સરઘસ પર પ્રતિબંધ ફરમાવી દીધો. જીતેલા ઉમેદવાર માત્ર એક અથવા બે વ્યક્તિને સાથે લઈ જઈને સર્ટી મેળવી શકે. બીજી તરફ પશ્ચિમ બંગાળની જાગૃત પ્રજાએ વ્યક્તિ પૂજાને મહત્વ નહી આપીને કોમવાદી વલણને ઠુકરાવી દઈને એકલવીર મમતાદીદીની ત્રુણમૂલ કોંગ્રેસને સત્તાનુ સુકાન ત્રીજીવાર સોંપી દીધું. જેના પડઘા સમગ્ર દેશમા પડ્યા છે. તૃણમુલ જે હવે ભાજપ માટે નુકસાનદાયી બની શકે!! પાંચ રાજ્યો પૈકી કેટલાક રાજ્યોમાં જીતેલા ઉમેદવારના ટેકેદારોએ જીતનો જશ્ન મનાવવા સરઘસો કાઢ્યા તેમની સામે પગલાં લેવા ચૂંટણી પંચે ફરમાન છોડ્યું છે. તે સાથે જે વિસ્તારમાં આવા જીતના સરઘસો નીકળ્યા હતા તે વિસ્તારના અધિકારી સામે પગલાં લેવા આદેશ કર્યા છે. પરંતુ મદ્રાસ હાઈકોર્ટની ચેતવણી અને દિશા નિર્દેશ અનુસાર ચૂંટણી પંચ સામે માનવ હત્યાના જવાબદાર ગણી કેસ કરવાની તૈયારીઓ ચાલી રહી હોવાની વિગતો બહાર આવી રહી છે.જાગૃત થઈ જરૂરી પગલાં ભરશે કે કેમ.? નહીં તો પશ્ચિમ બંગાળના પરિણામો સામેજ છે !!,

## દૈનિક રાશીફળ

તા.૦૪-૦૫-૨૦૨૧ મંગળવાર

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે.

વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો.

મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,પ્રગતિકારક દીવસ રહે.

કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક.

સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે.

કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય.

તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે.

ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય.

મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,દિવસ આનંદ માં વીતે.

કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે.

મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૪-૦૫-૨૦૨૧, મંગળવાર, ચૈત્ર વદ-૭, સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : ધન (ધ,ભ,ફ,ઢ ), નક્ષત્રઃ પૂર્વાષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |




# હવે ગુજરાતના ૧૭૦૦ સિનિયર ડોકટર હડતાલ પર ઉતરવાની ચિમકી

### ૬ સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર તબીબોએ સરકાર સામે બાયો ચડાવી

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૪

કોરોનાની મહામારી વચ્ચે સરકારની મુશ્કેલી વધે તેવા એંધાણ છે. રાજ્યની ૬ સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર તબીબોએ સરકાર સામે બાંયો ચડાવી છે. વર્ષ ૨૦૦૮થી બાકી રહેલી બઢતી અંગે સરકાર તુરંત નિર્ણય કરે તેવી તબીબોની માંગ છે. ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશનના ૧ હજાર ૭૦૦ તબીબો દ્વારા મહત્વની બેઠક યોજવામાં આવી છે. જેમાં એડિશનલ સુપ્રિન્ટેન્ડેન્ટ કક્ષાના વિભાગીય વડા તેમજ અનેક સિનિયર તબીબો ઉપસ્થિત રહ્યાં છે. સરકારી તબીબો સાતમાં પગારપંચના લાભથી પણ વંચિત છે ત્યારે જો પડતર માંગણીઓ નહીં સંતોષાય તો તબીબોએ હડતાળની ચીમકી ઉચ્ચારી છે.

રાજ્યમાં એક તરફ ગુજરાત સરકાર કોરોના સામે તો ઝઝૂમી રહી છે. હજુ એમાંથી તો બહાર નથી ઉગરી ત્યાં તો કોરોનાકાળમાં ફરી રાજ્ય સરકારની મુશ્કેલી વધી શકે છે. ૬ સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર તબીબોએ સરકાર સામે બાયો ચડાવી છે. વર્ષ ૨૦૦૮થી બાકી રહેલી બઢતી અંગે સરકાર ત્વરિત નિર્ણય લે તેવી તબીબો માંગ કરી રહ્યાં છે. સાતમાં પગારપંચના લાભથી પણ સરકારી તબીબો વંચિત છે જેથી તેઓ ઉગ્ર રોષે ભરાયા છે.

અલગ-અલગ ૧૫ માંગણીઓ મામલે સરકારને મેમોરેન્ડમ આપ્યાં છતાં અસરકારક પગલાં નહીં લેવાયાં. જુનિયર તબીબો હડતાળ પાડીને માંગણીઓ સંતોષી રહ્યાં છે તેવાં સંજોગોમાં અમે આજની બેઠકમાં હડતાલનું આયોજન કરીશું. અમારા મુદ્દાઓનો ઉકેલ આવશે તેવી અમને આશા છે. ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશનના ગુજરાતમાંથી ૧૭૦૦ તબીબો દ્વારા બેઠક યોજાઇ. જો કે તમને જણાવી દઇએ કે, જો સરકાર દ્વારા માંગણીઓ સ્વીકારવામાં ન આવી તો કદાચ સ્થિતિ બગડી શકે છે. ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશનમાં એડિશનલ સુપરિટેનડેન્ટ કક્ષાના વિભાગીય વડા અને અનેક સિનિયર તબીબો બેઠકમાં હાજર રહ્યાં.

# જસદણમાં વધુ ૩૬ બેડની કોવિડ હેલ્થ સેન્ટર શરૂ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

જસદણ, તા.૪

જસદણમાં આજે મંગળવારે સવારે શહેરના કમળાપુર રોડ પર આવેલ મોડેલ સ્કૂલમાં કુલ મળી ૩૬ બેડનું કોવિડ હેલ્થ સેન્ટર રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાના હસ્તે ખુલ્લું મુકવામાં આવતાં ઠેરઠેર થી અભિનંદનની વર્ષા થઈ રહી છે. જસદણમાં કોવિડ અંગેના મૃત્યુના સમાચાર દરરોજ વાયુ વેગે પ્રસરતા લોકોમાં ભારે હતાશા છવાઈ છે. ખાસ કરીને કેટલાંય પરિવારોમાં હજું આંસુ સુકાતાં નથી. આવા માહોલ વચ્ચે આજે મોડેલ સ્કૂલમાં ૩૦ બેડ ઓક્સિજન અને છ બેડ સામાન્ય દર્દીઓ માટે ખુલ્લા મુકાયેલ હતાં. હવે જસદણના લોકોને રાહત મળશે અત્રે ઉલ્લેખનીય છે કે જસદણ માટે કુંવરજીભાઈ બાવળીયા, ડો.ભરતભાઈ બોધરા, ડો.પંકજભાઈ કોટડીયા, યુવા ભાજપના વિજયભાઈ રાઠોડ, હરિભાઈ હિરપરા, અલ્પેશભાઈ, રૂપારેલિયા, જીજ્ઞેશભાઈ છાયાણી સહિતના ભાજપના અનેક કાર્યકરો લોકોની મદદમાં છે.(૧૪.૧૦)

# રાજકોટ મનપાને ત્રણ એમ્બ્યુલન્સ અર્પણ કરતા સાંસદ મોહન કુંડારીયા

### કોર્પોરેશનમાં હવે કુલ ૧૫ એમ્બ્યુલન્સનાં કાર્યરતઃ સાંસદનો આભાર વ્યકત કરતા મેયર પ્રદિપ ડવ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

કોરોના મહામારી વચ્ચે સાંસદ મોહનભાઈ કુંડારીયાએ રૂ.૩૫.૮૨ લાખના ખર્ચે ત્રણ એમ્બ્યુલન્સ રાજકોટ મહાનગરપાલિકાને ફાળવી છે. નવી ત્રણ એમ્બ્યુલન્સનાં કારણે દર્દીને ઝડપથી સિવિલ હોસ્પિટલ સુધી પહોંચાડી સઘન સારવાર આપી શકાશે. મનપાના મેયર, મ્યુનિસિપલ કમિશનરે સાંસદનો આભાર વ્યક્ત કર્યો હતો.કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારીયાએ રૂ.૩૫.૮૨ લાખના ખર્ચે રાજકોટ મહાનગરપાલિકાને આજ તા.૦૪/૦૫/૨૦૨૧ના રોજ ૩ એમ્બ્યુલન્સ ફાળવેલ છે. જે પૈકી ૨ ફોર્સ તથા એક ટાટા કંપનીની એમ્બ્યુલન્સ ફાળવેલ છે. હાલમાં કોર્પોરેશન પાસે ૧૨ એમ્બ્યુલન્સ કાર્યરત છે. તેમાં ૩ એમ્બ્યુલન્સનો વધારો થતા કુલ ૧૫ એમ્બ્યુલન્સ થયેલ છે. હાલની કોરોનાની પરિસ્થિતિમાં એમ્બ્યુલન્સનો વધારો થતા રાજકોટ શહેરના નગરજનોને તેનો લાભ મળશે. સાંસદ મોહનભાઈ કુંડારીયાએ રાજકોટ મહાનગરપાલિકાને ૩ એમ્બ્યુલન્સ ફાળવવા બદલ મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, અગ્નિશામક દળ કમિટીના ચેરમેન જ્યોત્સનાબેન ટીલાળાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# શિવપરામાં બાઈક ખસેડવા માટે પાડોશી બાખડયા : બેને ઈજા

### કોળી યુવકને પાડોશી બે ભીલ યુવાને ઝઘડો કરી છરી ઝીંકતા ગંભીર ઈજા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રૈયા રોડ પર શિવપરામાં ઘર પાસે બાઈક રાખવા મુદ્દે પાડોશીઓ વચ્ચે છરી-ધોકા વડે મારમારી થતા બે યુવકોને ઈજા થતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. યુનીવર્સીટી પોલીસે સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ રૈયારોડ શિવપરા શેરી -૦૩ માં રહેતા વિશાલ જીતેન્દ્ર કોળી (ઉ.વ.૨૨)એ શેરીમાંથી રીક્ષા નીકળતા પોતાનું બાઈક પાડોશીના ઘર પાસે રાખ્યું હતું. જે બાઈક રાખવા મુદ્દે પાડોશી મયુર અશોક કડવાતર(ઉ.વ.૩૨), તેના ભાઈ નિખીલ કડવાતરે ઝઘડો કરી છરી વડે હુમલો કરી કોળી યુવકના પેટના ભાગે ત્રણ ઘા ઝીંકી દીધા હતા. જયારે કોળી યુવકે વળતો હુમલો કરતા મયુર અશોક કડવાતરને પણ ઈજા થતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુનીવર્સીટી પોલીસે બંને પક્ષો ફરિયાદ પરથી સામ-સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખાતાધારકોને ૩૧-મે સુધી KYC અપડેટ કરાવવા એસબીઆઇનો નિર્દેશ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૪

સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાએ તેના કરોડો ગ્રાહકો માટે નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે, જે મુજબ બેન્કે બધા ખાતાધારકોને તેમના ખાતામાં કેવાયસી અપડેટ કરવા નિર્દેશ આપ્યા છે. જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જશે તો એ ગ્રાહકોની બેકિંગ સર્વિસિસને અટકાવી દેવામાં આવશે. બેન્ક ૩૧ મે પછી જે એકાઉન્ટ્સના કેવાયસી નહીં થયા હોય, તે ગ્રાહકોનાં ખાતાઓને ફ્રીઝ કરી દેશે, એમ બેન્ક જણાવ્યું છે.

એના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ માહિતી શેર કરતાં કહ્યું હતું કે ગ્રાહકોએ કોઈ પણ અડચણ વિના બેકિંગ સેવાઓ ચાલુ રાખવા માટે ૩૧ મે, ૨૦૨૧ સુધીમાં અપડેટ કરાવવું જરૂરી છે. આ માટે ગ્રાહકો તેમના દસ્તાવેજ લઈને તેમની હોમ શાખા અથવા તેમનીજ નજીકની શાખામાં જઈ શકે છે.

કોરોનાને કારણે બેકને આ સુવિધા ૩૧ મે સુધી લંબાવી છે. આ તારીખ પછી જે ખાતામાં રૂઝ અપડેટ કરવામાં નહીં આવે તેમનાં ખાતાંમાં કામકાજ અટકાવી દેવામાં આવશે, એમ બેન્કે ઉમેર્યું હતું.

# પિતાને બચાવવા અમેરિકાથી દીકરીની આજીજી, મરી જશે, પ્લીઝ એક બેડ આપી દો

### એક બેડ મળ્યો ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું અને દર્દીનું મોત નિપજ્યું

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૪

છેલ્લા ત્રણેક મહિનાથી શહેરમાં કોરોના હાહાકાર મચાવી રહ્યો છે. દૈનિક ૩થી૪ હજાર નવા કેસ તેમજ ૧૦૦થી વધુના મોતથી લોકોમાં ભારે ડર ફેલાઈ રહ્યો છે. હાલની સ્થિતિમાં સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ઓક્સિજન તેમજ વેન્ટીલેટરના એકપણ બેડ ઉપલબ્ધ નથી. ત્યારે સમયસર ૧૦૮ તેમજ સિવિલમાં બેડ ન મળતા વધુ એક વૃદ્ધે પોતાનો જીવ ગુમાવ્યો છે. પિતાને બચાવવા માટે અમેરિકાથી દીકરીએ ફોન કરી અનેક લોકો સામે આજીજી કરતી રહી તો પરિવારના અન્ય સભ્યોએ દર્દી મરી જશે પ્લીઝ એક બેડની વ્યવસ્થા કરી આપો એમ કહીં ઈર્સ્નના પગે પણ પડી ગયા પણ દર્દીનો જીવ ન બચાવી શક્યા.

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં રહેલા એક દર્દી કોરોના પોઝિટિવ હતા. જેના કારણે ઘરે જ ઓક્સિજન પર સારવાર ચાલી રહી હતી. પરંતુ શનિવારની રાત્રે તેઓની તબિયત વધુ લથડવા લાગી જેથી તાત્કાલિક હોસ્પિટલ લઈ જવા પડે એમ હતા. પરંતુ ૧૦૮ને ફોન કરે કલાકો વિતી ગયા પણ આવી ન હતી. અંતે ૧૦૮ આવી તો દર્દીને સિવિલમાં લઈ ગયા પરંતુ ત્યા પણ આઈસીયુ તેમજ વેન્ટિલેટર બેડની વ્યવસ્થા ન થઈ.

ઘણો સમય વેઈટિંગમાં રોકાયા બાદ અંતે એક બેડની વ્યવસ્થા થઈ અને દર્દીને એડમિટ કર્યા હતા.

પરંતુ સમયસર સારવાર ન મળતા દર્દીનું મોત નિપજ્યું હતું. દીકરીએ પિતાને બચાવવા માટે અનેક લોકો સામે મદદની અપીલ કરી. પરિવારના અન્ય સભ્યોએ દર્દીને સારવાર મળે તે માટે લોકો સામે હાથ જોડ્યા પણ સ્ટાફ તરફથી એકપણ બેડ ખાલી નથી અમે શું કરીએ એવો જવાબ મળ્યો હતો. અંતે દર્દીને યુએન મહેતામાં એક બેડ મળ્યો અને દાખલ કર્યા હતા. પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું અને દર્દીએ મોત નિપજ્યું હતું.

# લગ્ન સમારોહમાં જઈને ગોર મહારાજને તમાચો મારનારા કલેકટર સસ્પેન્ડ

### આઈએએસ ઓફિસર હોવાનો રૂઆબ છાંટી રહેલા કલેકટરની દાદાગીરી લોકોને પસંદ આવી નહોતી

(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૪

કોરોનાના પ્રોટોકોલના ભંગ બદલ લગ્ન સમારોહમાં જઈને લોકોની પિટાઈ કરવાની સાથે સાથે ગોર મહારાજને તમાચો મારનારા કલેકટર શૈલેષ યાદવને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

ત્રિપુરાની રાજધાની અગરતલામાં આ ઘટના બની હતી અને તેનો વિડિયો વાયરલ થયો હતો.જેના પગલે રાજ્ય સરકાર પર કલેકટર સામે કાર્યવાહી કરવાનું દબાણ વધી ગયુ હતુ.હવે કલેકટરને સસ્પેન્ડ કરી દેવાયા છે.દાદાગીરી કરવાનું પરિણામ કલેકટર શૈલેષ યાદવને ભોગવવુ પડયુ છે.

આ અંગેનો વિડિયો વાયરલ થયો હતો.જેમાં કલેકટર લગ્નમાં હાજર મહેમાનોને તથા દુલ્હા દુલ્હનને ધમકાવતા નજરે પડયા હતા. તેમણે લગ્ન કરાવવા આવેલા ગોરમહારાજને તમાચો પણ માર્યો હતો. તેમનો જ્યારે કોઈ વાંક પણ નહોતો.

પોતે આઈએએસ ઓફિસર હોવાનો રુઆબ છાંટી રહેલા કલેકટરની દાદાગીરી લોકોને પસંદ આવી નહોતી.આ મુદ્દે શૈલેષ યાદવ પર ભારે માછલા ધોવાયા હતા.ભાજપના ધારાસભ્યે તો કલેકટરને સસ્પેન્ડ કરવાની માંગણી સાથે ધરણા શરૂ કર્યા હતા.જેના પગલે આખરે મુખ્યમંત્રીએ શૈલેષ યાદવને સસ્પેન્ડ કરી દીધા છે.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

**email:-saurashtrakranti@gmail.com**

# ૧૮ દિવસ બાદ વધ્યા પેટ્રોલ-ડીઝલના ભાવ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૪

પેટ્રોલ અને ડીઝલના ભાવ ૧૮ દિવસ સ્થિર રહ્યા બાદ સરકારી ઓઇલ કંપનીઓએ (આજે તેના ભાવ વધારી દીધા છે. આજે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૧૫ થી ૨૦ પૈસા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલના ભાવમાં વધારો થવાથી દેશની રાજધાની દિલ્હીમાં મંગળવારે તે ૯૦.૫૫ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયો. બીજી તરફ, ડીઝલની વાત કરવામાં આવે તો ૮૧ રૂપિયા પ્રતિ લીટરની નજીક પહોંચી ગયો છે. સ્થાનિક બજારમાં પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતોએ સામાન્ય જનતાની મુશ્કેલીઓ વધારી દીધી છે. નોંધનીય છે કે, પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આ પહેલા ૧૫ એપ્રિલે પેટ્રોલ ૧૬ પૈસા પ્રતિ લીટર અને ડીઝલ ૧૪ પૈસા પ્રતિ લીટર સુધી સસ્તું થયું હતું.




# યુપીમાં મેડિકલ વિદ્યાર્થીઓ કરી શકશે કોરોનાનાં દર્દીઓની સારવાર

### કોરોના સાથે યુદ્ધમાં રોકાયેલા તમામ આરોગ્ય કર્મચારીઓનું મનોબળ વધારવાની સાથે સાથે માનદ વધારવાનો નિર્ણય કર્યો છે

(એજન્સી સમાચાર)

લખનઉ,તા.૪

ઉત્તર પ્રદેશમાં કોરોનાનાં વધતા જતા કેસોને જોતા યોગી સરકારે મોટો નિર્ણય લીધો છે. મેડિકલ અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓ પણ હવે કોરોના દર્દીઓની સારવાર કરશે. આ સાથે, સરકારે કોરોના સાથે યુદ્ધમાં રોકાયેલા તમામ આરોગ્ય કર્મચારીઓનું મનોબળ વધારવાની સાથે સાથે માનદ વધારવાનો નિર્ણય કર્યો છે.

સરકાર મેડિકલથી લઈને પેરા-મેડિકલ સુધીનાં અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓને વિશેષ પેકેજ આપશે અને કોરોનાની લડાઇમાં ઉતારશે. કોરોના સામેના યુદ્ધમાં, તે સરકારનો મોટો નિર્ણય માનવામાં આવી રહ્યો છે. લાંબા સમયથી, તબીબી વિદ્યાર્થીઓને કોરોના દર્દીઓની સારવારમાં શામેલ કરવાની માંગ કરવામાં આવી રહી હતી. યુપીમાં દેશમાં સૌથી વધુ ટેસ્ટિંગ બાદ પણ દર્દીઓની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ૨૪ એપ્રિલનાં રોજ, જ્યારે ૧,૮૬,૦૦૦ હતા, વળી ૩૮ હજાર ચેપગ્રસ્ત દર્દીઓ મળી આવ્યા હતા. હવે રવિવારે રેકોર્ડ ૨ લાખ ૯૭ હજાર ટેસ્ટ કરાયા હતા, જ્યારે ચેપગ્રસ્ત દર્દીઓ ઘટીને ૩૦ હજાર સામે આવ્યા હતા. માહિતી અનુસાર, કોવિડ ટેસ્ટનાં પ્રમાણમાં, સંક્રમણ જે અગાઉ ૨૨ ટકા હતો, દસ દિવસમાં, સંક્રમણ અડધાથી ઘટીને ૧૦ ટકા પર પહોંચી ગયો છે.

રાજયમાં કોરોનાનાં કેરને પહોંચી વળવા શુક્રવાર સાંજથી મંગળવાર સવાર સુધી યુપીમાં સખત લોકડાઉન લાગુ કરાયું હતું. જેને હવે ગુરૂવાર સવાર સુધી વધારવામાં આવ્યુ છે. સંક્રમણ અટકાવવા માટે યોગી સરકારે બે દિવસ એટલે કે ગુરુવારે સવારે ૭ વાગ્યા સુધી પ્રતિબંધ લંબાવી દીધો છે. આ સમય દરમિયાન આવશ્યક સેવાઓ પર કોઈ અસર નહીં થાય. આપને જણાવી દઈએ કે, ઉત્તર પ્રદેશમાં કોરોના વાયરસનો પ્રકોપ આજે પણ યથાવત છે. આને કારણે રાજય સરકારે અગાઉ વીકેન્ડ લોકડાઉનની જાહેરાત કરી હતી, પરંતુ સોમવાર સુધી તેમાં વધારો કરવામાં આવ્યો હતો. એટલે કે શુક્રવારે સાંજથી

## વાચકોએ નોંધ લેવી

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

## નાના ધંધાર્થીઓ, MSME સેકટરના કારખાનેદારોને

# વ્યવસાય વેરાના દરમાં રાહત આપો

### મકાન વેરા દરમાં પુરૂષને ૨૫ ટકા, સ્ત્રીને ૪૦ ટકા વળતર આપવું જોઈએ

### ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા મેયર, સ્ટે.ચેરમેન, મ્યુ.કમિશનરને રજૂઆત

CREATE & CULTIVATE

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

પ્રવર્તમાન સંજોગોમાં જાન્યુઆરી -૨૦૨૦ થી આપણા રાષ્ટ્રમાં કોરોનાને કારણે અવારનવાર લોકડાઉન કે વેપાર ધંધા બંધ રાખવા સરકાર દ્વારા કે સ્થાનીક કક્ષાની સંસ્થાઓ દ્વારા અપીલ કરવામાં આવતી હોય છે અને આ અપીલ અનુસંધાને ગત વર્ષ દરમ્યાન વેપાર ઉધોગ કે વ્યવસાય પૂર્ણપણે કાર્ય કરી શકેલ નથી. તેમજ આપણી આર્થિક વ્યવસ્થામાં પણ ભંગાણ પડેલ છે. અને સમગ્ર દેશમાં મંદીનું વાતાવરણ છવાયેલ છે.

આ સંજોગોને ધ્યાને લઇને રાષ્ટ્રીય કક્ષાએ કે રાજય કક્ષાએ વેપાર ઉધોગ કે નાગરીકોને વેરારૂપે ભરવાના થતા નાણામાં નાણામંત્રી દ્વારા રાહત પેકેજ આપી મદદરૂપ થયેલ છે.

પરંતુ સ્થાનીક કક્ષાની સંસ્થાઓ જેવી કે, કોર્પોરેશન, સુધરાઇ કે પંચાયત દ્વારા ઉઘરાવાતા વેરાના દરોમાં કોઇપણ પ્રકારની રાહત આપવામાં આવેલ નથી. જે ટેકસ ભરનાર લોકો ખુબ જ મુશ્કેલી ઉત્પન્ન કરે છે.

હાલના સંજોગોમાં મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા અન્ય સ્ત્રોતો જેવા કે કોર્પોરેશન હદમાં આવેલ જમીનો વેચાણ દ્વારા ખુબ જ મોટી આવક ઉભી કરવામાં આવેલ છે. ત્યારે શહેરી વિસ્તારમાં વસતા નાગરીકોને તથા નાના ધંધાર્થીઓ તથા ખજખણી સેકટરના કારખાનેદારોને વેરામાં રાહતરૂપ થવું જરૂરી છે. આ અંગે ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા રાજકોટ કોર્પોરેશનના સ્ટેનડીંગ કમીટીના ચેરમેન પુષ્કરભાઇ પટેલ, કોર્પોરેશનના મેયર પ્રદીપ ડવ તથા કમીશ્નર સમક્ષ રજુઆત કરતા જણાવવામાં આવેલ છે કે, હાલમાં એડવાન્સ વેરો ભરનાર કરદાતાને પુરૂષ કરદાતાને મકાન વેરાના બીલમાં ૧૦ ટકા તથા સ્ત્રી કરદાતાને મકાન વેરાના બીલમાં ૧૫ ટકા ડિસ્કાઉન્ટ આપી રાહત આપેલ છે.

પરંતુ આ ડિસ્કાઉન્ટ પુરતા પ્રમાણમાં રહેતું નથી. આમ પણ વિચારીએ તો ગત વર્ષ દરમ્યાન વ્યવસાય કે વેપારનું પૂર્ણ પ્રમાણમાં ચાલી શકેલ નથી . જેથી પણ આ વેરાના દરમાં મહદઅંશનો ઘટાડો કરવો જરૂરી છે . અમારુ સુચન છે કે , મકાન વેરાના દરમાં પુરૂષ કરદાતા ૨૫ ટકા તથા સ્ત્રી કરદાતા ૪૦ ટકા ડિસ્કાઉન્ટની રાહત આપવી જોઇએ તેમજ નાના વેપારી તથા ખજખણી કક્ષાના કારખાનેદારના વેરામાં ૫૦ ટકાના દરે રાહત આપવી જોઇએ . જેથી આ મહામારીના સમયમાં નાગરીકો તથા વેપાર ઉધોગના માલીકને મદદરૂપ થઇ શકાય.

આમ ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. તેમ અખબારી યાદીમાં ગ્રેટર રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ રાજીવભાઇ દોશી તથા માનદ ખજાનચી અજીતસિંહ જાડેજા દ્વારા જણાવવામાં આવેલ છે.

## જામનગર રોડ પર બાવળની ઝાળીમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી

### બનાવ હત્યા કે આત્મ હત્યાનો તપાસ કરવા પોલીસે તપાસ આદરી મૃતકના વાણી વારસની શોધખોળ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪



જામનગર રોડ પર આવેલા આઈ.ઓસી ના પ્લાન્ટ સામે અવાવરું જગ્યાએ બાવળની ઝાળીમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી આવતા ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ જામનગર રોડ પર આવેલા આઈ.ઓસી ના પ્લાન્ટ સામે બજરંગ વાડી ચોકીની બાજુમાં આવેલુ અવાવરું સ્થળે બાવળની ઝાળીમાં કોઈ અજાણ્યા પુરુષની લાશ હોવાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મંથકનાં પી.આઈ કે.એ.વાળા, પી.એસ.આઈ જનકસિંહ રાણા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે તપાસ કરતા આઈ.ઓસી ડીપોની સામે રેલવેનાં મેદાનમાં અજાણ્યા પુરુષની લાશ પડી હતી. મૃતકે બ્લુ અને વાઈટ લીટી વાળો શર્ટ પહેરેલો છે. તેનું પેન્ટ નહીં પહેરેલ હોય અને આંતર વસ્ત્રમાં બ્લેક કલરની ચડ્ડી પહેરેલ છે. તેના હાથમાં ગુજરાતીમાં શ્રીરામ ત્રોફાવેલ છે. બનાવ હત્યાનો છે કે આત્મ હત્યાનો તે અંગે તપાસ કરવા પોલીસે લાશનું ફોરેન્સીક પી.એમ કરવા લાશને સરકારી હોસ્પિટલમાં ખસેડી છે તથા મૃતકના વાલીવારસાની શોધખોળ આદરી છે.

# હાપાથી ચલાવવામાં આવી વધુ એક ઓકિસજન એકસપ્રેસ

### હરિયાણાના ગુરૂગ્રામ માટે લગભગ ૮૫.૨૩ ટન લિકવિડ મેડિકલ ઓકિસજનનું પરિવહન





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

ભારતીય રેલ્વે લિક્વિડ મેડિકલ ઓક્સિજન દ્વારા એક્સપ્રેસ ટ્રેનોના ઓપરેશન દ્વારા કોવિડ-૧૯ દર્દીઓ માટે દેશભરમાં ઓક્સિજનની તીવ્ર જરૂરિયાત મુજબ મેડિકલ ઓક્સિજન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. તે જ દિશામાં, પશ્ચિમ રેલ્વે દ્વારા વિવિધ રાજ્યોમાં જીવન-રક્ષક ઓક્સિજનના પરિવહનની સાથે સાથે કોવિડ -૧૯ સામે સંયુક્ત સંઘર્ષને શક્તિ પ્રદાન કરવા માટે ગુજરાતના હાપાથી હરિયાણાના ગુરુગ્રામ સુધી લિકિવડ મેડિકલ ઓક્સિજન (કખઘ) થી ભરેલ બીજી ઓકિસજન એકસપ્રેસ સંચાલિત કરવામાં આવી.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુર દ્વારા જાહેર કરાયેલ એક પ્રેસ રિલીઝ મુજબ, લિક્વિડ મેડિકલ ઓક્સિજન (કખઘ) ના ચાર ૪ ટેન્કર વાળી એક રો-રો (RO-RO) સેવા ૩ મે, ૨૦૨૧ ના રોજ ૦૬:૩૭ વાગ્યે ગુજરાતના હાપાથી રવાના થઈ,જે ૪ મે, ૨૦૨૧ ના રોજ સવારે હરિયાણાના ગુરુગ્રામ પહોંચશે. આ ઓક્સિજન એક્સપ્રેસ લગભગ ૮૫.૨૩ ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજન નું વહન કરી રહી છે તથા તેના લક્ષ્ય સુધી પહોંચવા માટે ૧૦૮૮ કિમીનું અંતર કાપશે. આ ઓક્સિજન ટેન્કર દ્વારા સપ્લાય કરવામાં આવેલ ઓક્સિજન દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં કોવિડ કેર હોસ્પિટલમાં દર્દીઓના ઉપયોગ માટે પરિવહન કરવામાં આવશે. આ ટ્રેન વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, મારવાડ જંકશન, અજમેર, ફાલના, રિંગસ અને રેવારી થઈને ચલાવવામાં આવી રહી છે. લિક્વિડ મેડિકલ ઓક્સિજનની ઉપલબ્ધિ મેસર્સ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, જામનગર દ્વારા ઉચ્ચ ક્ષમતાવાળા ટ્રેઇલરો માં પૂરી પાડવામાં આવી છે. ઠાકુરે વધુમાં માહિતી આપી કે હાપા ગુડ્સ શેડમાં વેગન પર સરળતાથી ઓક્સિજન ટેન્કરો લોડ કરવા માટે જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ છે. તાજેતરમાં, ૨૫ એપ્રિલ ૨૦૨૧ ના રોજ, પશ્ચિમ રેલ્વે દ્વારા ગુજરાતના હાપાથી મહારાષ્ટ્રના કલંબોલી સુધી લગભગ ૪૪ ટન લિકિવડ મેડિકલ ઓકિસજન (LMO) પરિવહન કરવામાં આવ્યું હતું. કલંબોલી સુધી શક્ય તેટલા ટૂંકા સમયમાં તેના પરિવહનની ખાતરી કરવા માટે ઓક્સિજન એક્સપ્રેસને અવરોધ વગર નો માર્ગ પૂરો પાડતા પ્રતિ કલાક ૫૦ કિ.મી.ની ઝડપે દોડાવવામાં આવી હતી.

ભારતીય રેલ્વે દ્વારા ૨ મે, ૨૦૨૧ સુધી વિવિધ રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર (174 MT), ઉત્તર પ્રદેશ (430.51 MT), મધ્યપ્રદેશ (156.96 MT), દિલ્હી (190 MT), હરિયાણા (79 MT) તથા તેલંગાણા (63.6 MT) ને ૧૦૯૪ મેટ્રિક ટન થી વધુ લિક્વિડ મેડિકલ ઓક્સિજન (LMO) પહોંચાડવામાં આવ્યું છે.(૧૪.૧૨)

## ઉપલેટામાં સાહસિક કાર્ય કરી શ્રીમંત પરિવારના લોકોએ માનવતા દર્શાવી

### અભિમન્યુ ગ્રૃપ દ્વારા ૨૪ કલાક સ્મશાનમાં મૃતદેહોની કરે છે અંતિમવિધિ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ઉપલેટા,તા.૪



ઉપલેટા શહેરમાં હાલ ૧૦૦ કરતા પણ વધારે લોકો કોરોનાને કારણે ઓકશીજન સાથે સારવાર લઇ રહ્યા છે અને ઘણા લોકો આ કોરોના સામેની જંગ હારી અને મૃત્યુ પણ પામે છે ત્યારે ઘણા લોકો પરિવારના મૃત્યુ બાદ તેમની અંતિમ વિધિમાં નથી આવતા અથવા તો આવતા ડરે છે ત્યારે ઉપલેટા શહેરના સેવાભાવી અને શ્રીમાન પરિવારના લોકો કે જેઓ માનવતા આજે પણ જીવે છે તે સાબિત કરે છે અને ઉપલેટા સ્મશાનમાં ૨૪ કલાક સેવા આપે છે અને મૃત્યુ પામનાર લોકોની તમામ પ્રકારની અંતિમ વિધિ કરે છે.

ઉપલેટા શેહરમાં છેલ્લા ૧૫ દિવસમાં રોજના અંદાજીત ૩૦ લોકોના મોત થઇ રહ્યા હોઈ જેના કારણે ઉપલેટા સ્મશાનમાં આવેલ ડીઝલ ભઠ્ઠી પણ સળગી ઉઠી હતી જેના કારણે હાલ ઉપલેટા હિંદુ સ્મશાનમાં અંતિમ વિધિ માત્ર લાકડા સાથે જ થઇ રહી છે.

મૃત્યુ પામનાર વ્યક્તિ અને એમાં પણ ખાસ કરીને કોરોનાને કારણે મૃત્યુ પામનાર વ્યક્તિની પણ અહી વિધિ કરી અને તેમની આત્માને શાંતિ મળે અને તેમને અંતિમ વિધિ પણ વિધિવત થાય તે માટે અહિં સેવા આપે છે. આ સેવા આપતા લોકો આર્થીક ખુબ જ શ્રીમંત છે છતાં પણ તેઓ અહિયાં ૨૪ કલાક પોતે ખડે પગે રહી અને મૃત્યુ પામનાર વ્યક્તિની અંતિમ વિધિ કરી અને તેમના પરિવારને તકલીફ કે મુશ્કેલીઓ અંતિમ વિધિમાં ના વેઠવી પડે તે માટે નિ:સ્વાર્થ ભાવે સેવા કરે છે. આ સાથે સરકારને પણ અપીલ કરાઈ છે કે આવી રીતે જે લોકો સમગ્ર ભારતમાં પોતાના જીવના જોખમે અને નિ:સ્વાર્થ ભાવે સેવા કરે છે તેમની સાથે કોઈ આવી સેવા દરમિયાન કોઈ અક્સમિત ઘટના બને તો તેમના પરિવારને મુશ્કેલી ના વેઠવી પડે અને અન્ય લોકોને પણ આવા નિ:સ્વાર્થ ભાવે સેવા કરવા કરવા માટે પ્રેરણા મળે તે જરૂરી છે.(૧૪.૧૧)

## સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થા દ્વારા

# આઈસોલેશનના દર્દીઓને અપાતું પોષ્ટિક આહારઃ પ્રભુ સ્વામી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

### દરરોજ ૮૦૦થી વધુ લોકોને બપોરે ૧૧:૩૦ થી ૧, સાંજે ૭ થી ૮ દરમિયાન પ્રસાદ અપાય છે

રાજકોટ સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાનના સંતો અને સ્વયંસેવકો દ્વારા આ જમાડવાની સેવાનો પ્રારંભ તા. ૧૯ એપ્રિલ થી કરાયો છે. ગુરુકુળમા બહુ થોડા લોકો ટિફિન સેવાનો લાભ લેવા આવતા હતા. આથી ગુરુવર્ય મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામીએ સિવિલ હોસ્પિટલમાં જ જમાડવાની વ્યવસ્થા કરવાનું કહેતા, પૂર્ણપ્રકાશજી સ્વામી તથા હરિપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર અહીં દર્દીઓ તથા તેમની સેવામાં રહેલા પરિવારજનોને નિશુલ્ક ભોજન વ્યવસ્થા પુરી પાડવામાં આવી રહી છે.

સિવિલ હોસ્પિટલ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સમરસ હોસ્ટેલમાં કોવિડ હોસ્પિટલ બનાવાય છે તેમાં ઘણા દર્દીઓ સારવાર લઈ રહેલા છે. તેઓને તેમજ સ્વામિનારાયણ ગુરૂકુલ ઢેબર રોડ ઉપર વિદ્યાલયમાં આઈસોલેશન સેન્ટર બનાવાયું છે તેમાં સારવાર લઈ રહેલા દર્દીઓને આ ભોજન વ્યવસ્થા સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ સંસ્થાન દ્વારા અપાઈ રહી છે. પ્રભુ સ્વામીના જણાવ્યા અનુસાર સ્વામિનારાયણની બે પડવાળી પાતળીને કુણી ઘી ચોપડેલી રોટલી, સાથે દરદીઓના શરીરમાં હ્યુમિનિટી પાવર વધે તેવા દેશી મસાલા, ટામેટા મરચા, લીંબુ, મીઠો લીમડો વગેરે દ્વારા બનાવાયેલ દાળ, ભાત, બે શાક, સંભારો, છાશ વગેરે આપવામાં આવે છે.

આ સમગ્ર સેવા ભંડારી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી તથા રૂગનાથચરણદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર સ્વયંસેવકો શૈલેષભાઈ બારસીયા, મનસુખભાઈ કોટડીયા, ભરતભાઈ હપાણી , વેલજીભાઈ હિરપરા, નવનીત ભાઈ માખેસણા, પરેશભાઈ ટોપિયા વગેરે ભક્તિભાવથી કરી રહ્યા છે. શાક સમારવું, રસોઈ બનાવવી એ સેવા સંતો જાતે જ કરી રહ્યા છે. પવિત્ર ભાવે રસોઈ બનાવી, ભગવાનને થાળ જમાડી અને ભાવના-પ્રાર્થના કરવામાં આવે છે કે આ જમનાર દર્દીઓ જલ્દીથી સાજા થઈને પોતાના ઘરે સુખરૂપ પહોંચે અને જરૂરિયાત મંદોની સેવા કરવા પણ તત્પર બને. નાત,જાત કે ધર્મના ભેદભાવ જોયા વિના તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૧ થી દરરોજ ૮૯૦ ઉપરાંત લોકોને બપોરે ૧૧:૩૦ થી ૧ દરમ્યાન અને સાંજે ૭ થી ૮ દરમિયાન ભગવાનનો પ્રસાદ અપાય છે.

## પંચરત્ન પાર્કમાં રૂ.૨૫.૨૧ લાખની મત્તાની ચોરી કરનાર બે ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪



### તાલુકા પોલીસે ઘરફોડ ચોરીના બનાવનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી નાખી રૂ.૧૧.૭૧ લાખની મત્તા કબજે કરી

કાલાવડ રોડ પર આવેલા કણકોટ ગામ પાસે પંચરત્ન પાર્કમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂ.૨૫.૨૧ લાખની મતાની ચોરી કરી ગયાની ફરિયાદનાં પગલે તાલુકા પોલીસે ગણતરીની કલાકોમાં બે શખ્સોને દબોચી લઇ રૂ.૧૧.૭૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ મવડી હેડ ક્વાર્ટર પાસે આવેલા ગૌતમ પાર્કમાં રહેતા અને ટ્રાવેલ્સનું કામકાજ કરતા મગનભાઈ ચતુરભાઈએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગત તા.૨૯/૪ ના રોજ તેઓ તેની પત્ની સાથે સુરેન્દ્રનગર પંથકમાં સંબંધીના ઘરે લૌકિક ક્રિયામાં ગયા હતા ત્યારે તેના મકાન કણકોટ ગામ પાસે આવેલ પંચરત્ન પાર્કમાં તેનું બીજું મકાન આવેલું હોય. આ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂ.૨૫.૨૧ લાખની મતાની ચોરી કરી ગયાની ફરિયાદ તાલુકા પોલીસમાં નોંધાવી હતી. બનાવ બાદ પી.આઈ જે.વી.ધોળાની સુચનાથી પી.એસ.આઈ એન.ડી.ડામોર, એ.એસ.આઈ આર.બી.જાડેજા, હેડ કોન્સ્ટેબલ મોહશીન ખાન, અમીનભાઈ, ધર્મરાજસિંહ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા ઠાકર ચોક પાસેથી એકટીવામાં બે શખ્સો ચોરાઉ મુદ્દામાલ વેચવા નીકળ્યા હોવાની બાતમી મળતા પોલીસે એકટીવા નંબર. જીજે-૩ કે.એન-૩૦૫૪ માં નીકળતા પ્રવિણ ઉર્ફે પવો જયંતી રહેવર (રહે.કાલાવડ રોડ ભીમનગર) તથા કાયદાના ઘર્ષણમાં આવેલા કિશોર સહિત બે શખ્સોની ધરપકડ કરી કુલ રૂ.૧૧૭૧૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## રાધિકા સ્કૂલ દ્વારા દર્દીઓને પ્રાણવાયુ, ફલોમીટરનું વિતરણ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

### ૧૫૦૦ થી વધુ લોકોએ સિલિન્ડર રિફિલનો લાભ લીધો

રાજકોટમાં એક તરફ ઓક્સિજનની ભારે અછત જોવા મળી રહી છે ત્યારે બીજી બાજુ રાજકોટ એક શાળાએ શિક્ષણ આપવાની સાથે પ્રાણવાયુની સેવા આપવાનું ઉમદા કાર્ય પણ કર્યું છે. કસ્તુરબાધામ ત્રંબા ખાતે આવેલી રાધિકા સ્કૂલ એન્ડ હોસ્ટેલ, જેઓ શહેરમાં હોમ કવોરેન્ટાઇન દર્દીઓને આ ઓક્સિજનના સિલિન્ડર નિઃશુલ્ક પણે રીફીલ કરી આપે છે. રાધિકા સ્કૂલના ચેરમેન ભરતભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, આ મહામારીમાં જો આપણે એક બીજાની મદદ કરીએ તો અચૂક પણે કોરોનાને હરાવી શકીએ. હાલ અમારી શાળાની બસ દ્વારા દરરોજ ૩૫૦ થી વધુ ઓકિસજનના સીલીન્ડર રીફીલીંગ કરી આપવામાં આવે છે. જેમાં અમે રાજકોટ ઉપરાંત ભાવનગર અને અન્ય શહેરોમાં પણ સેવા પુરી પાડીએ છીએ.

૨૧ એપ્રિલના રોજ શરુ થનારી આ સેવા દ્વારા અત્યાર સુધીમાં ૧૫૦૦ જેટલા લોકોએ આ સિલિન્ડર રિફિલિંગની સેવાનો લાભ લીધો છે અને આ સેવા યજ્ઞ આજે પણ અવિરત પણે કાર્યરત છે. આ ઉપરાંત અનેક લોકોને વિનામૂલ્યે માસ્ક અને ફ્લોમીટરનું પણ વિતરણ પણ કરવામાં આવ્યું છે.

કટોકટીના આ સમયે ભરતભાઈ ઢોલરીયા તેમની ટીમ દ્વારા જે કાર્ય કરી રહ્યા છે તે ખુબ જ વંદનીય છે. આ કાર્યમાં સ્કૂલના તમામ ટ્રસ્ટીઓ, શિક્ષકો અને સ્કૂલ ના વાલીઓ તથા મિત્ર વર્તુળ ના લોકો સેવા ભાવના થી પોતાની ફરજ બજાવી રહયા છે. જો કોઈ વ્યક્તિને ઓક્સિજન બાબતે કોઈ તકલીફ અથવા જરૂરીયાત હોય તો તેઓ ભરતભાઈ ઢોલરીયા ને ૯૮૨૫૨૬૬૦૩૨ પર કોલ કરી ઓકિસજન ની મદદ માંગી શકે છે.(૧૪.૧૩)

# નિવૃત મહિલા પ્રોફેસરે આઈસોલેશન સેન્ટરમાં સેવા આપતા સ્ટાફને પગાર ચૂકવ્યો







(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સુરત, તા.૪

કોરોના આઈસોલેશન સેન્ટર્સમાં જીવના જોખમે સેવાભાવી કાર્યકર્તાઓ દર્દીઓની સેવા કરી રહયા છે. આવા આઈસોલેશન સેન્ટર્સમાં સેવા આપતા પેરા મેડીકલ સ્ટાફને પગાર આપી એક નિવૃત મહિલા પ્રોફેસરે એક નાગરીક કર્તવ્યનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડયુ છે. ઓલપાડ કોલેજના નિવૃત પ્રોફેસર કોકિલાબેન મજીઠીયા એ તેના પેન્શન અને નિવૃત મુડીમાંથી આજે કોરોના આઈસોલેશનમાં આરોગ્ય સેવા આપતી બહેનોને તેના પગારના ચેક અર્પણ કર્યા હતા.

નાના વરાછા કોમ્યુનિટી હોલ ખાતે સંસ્કૃતિ યુવા ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા વતિ આઈસોલેશન, સેન્ટર્સમાં સેવા આપતી કુ.દિપાલી રાજેશભાઈ કિકાણી તથા ભૂમિકા દેવરાજભાઈ મીરોલીયાને પગાર ના ચેક કોકીલાબેન તરફથી અર્પણ કર્યા હતા. આ ઉપરાંત ઉત્રાણ ગામ ખાતે કોમ્યુનિટી હોલમાં લાઈફ લાઈન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત કોરોના આઈસોલેશન સેન્ટર્સમાં કામ કરતા કલ્પાબેન જી.પરમાર, અરવિંદભાઈ એમ.ચાવડાને તેની સેલા મુલ્ય પેટે ચેક અર્પણ કર્યા હતા.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને અન્ય દાતાઓ અને સંસ્થાઓ તમામ પ્રકારની મદદ કરી રહયા છે. ૬૦ થી વધુ સંસ્થા ભેગી મળી શરૂ કરેલ સેવાના માધ્યમથી ૧૫ જેટલા આઈસોલેશન સેન્ટર્સ શરૂ કરવામાં આવ્યા છે. એક નિવૃત પ્રોફેસર તરીકે હવે તે કોરોનામાં સેવા નહિ કરી શકે પરંતુ સેવા કરતા વ્યકિતને હું પગાર આપીશ તેવી સંવેદના સાથે કોકીલાબેને દાન આપવા સંકલ્પ કર્યો હતો.

### સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજને રૂ.૧ લાખનું દાન

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતને કોકીલાબેન મજીઠીયા એ રૂા.૧૦૦૦૦૦ નો ચેક કોરોના કેર ફંડમાં આપ્યો હતો. ફંડમાંથી સમાજ મહિલા તબીબ સ્ટાફને તેનું વેતન ચુકવશે.

આ પ્રસંગે સમાજના ટ્રસ્ટીઓ ઉપરાંત ઈનર વ્હીલ કલબ સુરત ઈષ્ટના જયશ્રીબેન ભાલાળા ઉપસ્થિત રહયા હતા.(૧૪.૯)

## ડો.હેડગેવાર જન્મ શતાબ્દી સેવા સમિતિ દ્વારા

# આવતીકાલે ઠેર-ઠેર રકતદાન કેમ્પ



ગુરૂવારે પટેલ સમાજની વાડી, કાલાવડ રોડ ખાતે રાખવામાં આવેલ

### સિવિલ હોસ્પિટલના લાભાર્થે થેલેસેમીયાગ્રસ્ત બાળકો અને કોવિડના દર્દીઓ માટે રકતદાન કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરીત ડો. હેડગેવાર જન્મ શતાબ્દી સેવા સમિતિ રાજકોટ સંઘ પરિવારનાં સંયુકત ઉપક્રમે પુરા દેશમાં કોરોના એ હાહાકાર મચાવ્યો છે દર્દીઓને લોહીની તાતી જરૂર છે.

ત્યારે રાજકોટનાં સિવિલ હોસ્પિટલનાના લાભાર્થે થેલેસેમીયાગ્રસ્ત બાળકો અને કોવીડનાં દર્દીઓને વિનામુલ્યે બ્લડ મળી શકે તે માટે રકતદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે તા.૫ ને બુધવારનાં સવારે ૮૦થી ૧:૩૦ પંજાબ નેશનલ બેન્ક પાસે ડો. હેડગેવાર માર્ગ, નિર્મળા કોન્વેન્ટ સ્કુલ પાસે, સવારે ૯ થી ૧૨ પંચશીલ હોલ દોશી હોસ્પીટલ પાસે, સાંજે ૫:૩૦ વાગ્યે મવડીનગર બિલેશ્વર મહાદેવ મંદિર પાસે, શિવાજી સંઘસ્થાન જશરાજનગર શેરી નં ૧ રાધે હોસ્ટેલ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી પ્લોટ ખાતે રાખવામાં આવેલ છે.

આ રકતદાન કેમ્પ માટે ભાવેશભાઈ રાયઠઠા ૯૯૨૪૬૧૧૬૧૧, યોગેશભાઈ સોની ૯૮૨૪૨૪૫૯૬૦, રમેશભાઈ રાઠોડ ૯૯૯૮૭૭૫૬૧૯, હાર્દીકભાઈ ૮૪૬૦૨૦૧૨૪૩, અરવિંદભાઈ ૯૮૨૪૨૩૦૮૦૫ નો સંપર્ક કરવાનો રહેશે. તેમજ તા.૬ ને ગુરૂવાર નાં રોજ સવારનાં ૯ વાગ્યે મવડીનગર પટેલ સમાજની વાડી, મોટા મૌવા કાલાવડ રોડ ખાતે રાખવામાં આવેલ છે.

આ રકતદાન કેમ્પ માટે વિજયભાઈ વસોયા ૯૯૨૫૧૫૧૦૬૧, વિજયભાઈ કોરાટ ૯૮૯૮૭૦૦૦૫૦, ભરતભાઈ શિશાંગીયા ૯૮૨૪૨૮૫૭૨૪ નો સંપર્ક કરવાનો રહેશે. પ્રચાર પ્રસાર સંયોજક જયેશભાઈ સંઘાણીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રાજકોટ જીલ્લા ભાજપનાં સહયોગથી

# ૧ હજાર બેડના આઈસોલેશન સેન્ટરો શરૂ કરાયા



### દર્દીના પરિવારજનોને ફ્રીમાં જમવાની વ્યવસ્થા કરાઈઃ કાર્યકર્તાઓ દિવસ-રાત મહેનત કરી રહ્યા છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા તથા મહામંત્રીઓ નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલાએ જણાવ્યું હતું કે, કોરોનાના દર્દીઓ કોઈ જગ્યાએ હેરાન ન થાય અને તેમની સારવાર માટે પુરતી સુવિધાઓ મળી રહે તે માટે રાજકોટ જીલ્લા ભાજપના સહયોગથી તમામ મંડલોના કાર્યકર્તાઓ દ્વારા અંદાજીત ૧૦૦૦ બેડના આઇસોલેશન સેન્ટરો શરુ કરવામાં આવ્યા છે.

જે સેન્ટરોમાં દર્દીઓને ઓકસીજન, રેમડેસિવીર ઈન્જેકશન, દવાઓ સહીતની તમામ સુવિધાઓ તદન મફતમાં થશે તથા દર્દીઓને તથા તેમની સાથે આવેલ તેમના પરિવારજનોને ફ્રીમાં જમવા જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

જેમાં ઉપલેટા તાલુકામાં ૫૦ બેડ, ધોરાજી તાલુકામાં ૫૦ બેડ, જેતપુર શહેરમાં ૧૦૦ બેડ, જામકંડોરણા તાલુકામાં ૨૬૨ બેડ, ગોંડલ શહેરમાં ૩૫ બેડ, કોટડાસાંગાણી તાલુકામાં ૨૫ બેડ, લોધિકા તાલુકામાં ૨૦ બેડ, રાજકોટ તાલુકામાં ૧૦૦ બેડ, જસદણ શહેર ખાતે ૧૦૦ બેડ તથા જસદણ તાલુકાના વિરનગર ગામે ૫૦ બેડ અને વિંછીયા તાલુકામાં ૭૦ બેડ સાથે આખા જીલ્લામાં અંદાજીત ૧૦૦૦ બેડના આઇસોલેશન સેન્ટરો શરુ કરવામાં આવેલ છે.

# 'આત્મમંથન'

## કડવાશની પરાકાષ્ઠા...

હારનું કે જીતનું વિશ્લેષણ હોય પણ કડવાશનું વિશ્લેષણ હોય? હોઈ શકે? કદાચ ના..પણ કરવું પડે, ફરજીયાત પણે એવી સ્થિતિ છે, પરિસ્થિતિ છે.

ચલો, શરૂઆત કરીએ, સ્ટેપ બાય સ્ટેપ..

કેમ ફેલાઈ આવી / આટલી કડવાશ?

પશ્ચિમ બંગાળમાં ઈલેકશન યોજ્યું જ ના હોત તો? તો આ જ લોકો જે આજે બેફામ કડવાશ ફેલાવી રહ્યાં છે એ જ કહેતે કે ભાજપ હારથી ડરી ગયું અને એટલે જ ઈલેકશન યોજાવા ના દીધું.

**CAA** હોય કે **NRC**, એ લાગું પાડવાની સૌથી વધુ જરૂર પશ્ચિમ બંગાળમાં જ છે, બાંગ્લાદેશથી દુઃખી અને હેરાન થઈ ને આવતાં હિન્દુઓને ભારતની નાગરિકતા આપવી જેટલી જરૂરી છે એટલું જ ઘુસણખોરી કરીને ભારતની સીમામાં ઘુસેલા, બદઈરાદા રાખતાં બંગાળીઓને ત્યાંથી હાંકી કાઢવા પણ એટલાં જ જરૂરી છે.

મમતા બેનર્જી પોતાની જીત માટે ક્યાંક કશેક પશ્ચિમ બંગાળનાં મુસ્લિમો પર આધારિત થવા લાગ્યાં છે અને એટલે જ તેઓ **CAA** અને **NRC** નો ખુલ્લેઆમ વિરોધ નોંધાવે છે જે જરાક પણ આશ્ચર્યજનક વાત નથી.

ભાજપ કાર્યાલય પર સતત થતાં હુમલા અને ભાજપ કાર્યકર્તાઓની સતત થતી હત્યા એ સાબિત કરે છે કે તૃણમૂલ કોંગ્રેસ હવે ફક્ત અને ફક્ત મુસ્લિમોને મહત્વ આપતો પક્ષ બની ચુક્યો છે. આ હું નથી કહેતી, ઈલેકશનનાં પરિણામ જાહેર કરતાં જર્નાલિસ્ટ અને ખુદ પ્રશાંત કિશોર જે મમતા માટે પ્રચાર કાર્ય સંભાળતાં હતાં એ કહે છે, મમતાની જીત પણ મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં જ થયો છે, આવાં વખતે ભાજપે પશ્ચિમ બંગાળનાં ઈલેકશન ડ્યુને એક ચેલેન્જ તરીકે લીધો અને કોરોના કાળમાં રેલીઓ કરવાની ભુલો કરી બેઠું, જોકે બીજા પક્ષોએ પણ એટલી જ રેલી કરી હતી જે દેશભરનાં લોકો ખાસકરીને ગુજરાતનાં લોકો નજર અંદાજ કરીને આખો દોષનો ટોપલો મોદીનાં માથે ઢોળી રહ્યાં છે, ચલો માન્યું, ખોટું થયું પણ શું ફક્ત બંગાળમાં જ કોરોના ફેલાયો છે? દિલ્હી,ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને છત્તીસગઢ જેવાં રાજ્યો જ્યાં ઈલેકશન કે રેલી નહોતી એવાં રાજ્યોની હાલત તો પશ્ચિમ બંગાળ કરતાં હજું ખરાબ છે.



(મમતા પટેલ-મુંબઈ)

મોદીએ ઈલેકશનની રેલી યોજવાને બદલે દેશભરમાં ફેલાતાં કોરોના પર વધારે ધ્યાન આપવું જોઈતું હતું, સહમત, સો ટકા સહમત પણ એને લીધે આપણે એમની હારમાં ખુશ થઈ જઈએ એવાં? આટલી કડવાશ ક્યાંથી આવે છે? કોણ ફેલાવે છે? કેમ ફેલાવે છે? એ વિચારવું પણ એટલું જ જરૂરી છે.

**ICU** બેડ ઓછાં પડે એટલે આપણે તો મંદિર માટે જ લડ્યાં હતાં, હોસ્પિટલ માટે નહીં એવાં મેસેજ સોશ્યલ મીડિયા પર ફરવા લાગે, ઓક્સિજન ઓછો પડે એટલે મોદી તો ઈલેકશનમાં બીઝી હતાં એવાં મીમ્સ ફરવા લાગે પણ લોકો વિચારે કે શું મોદી ઘરે ઘરે ઓક્સિજનનાં સિલિન્ડર દેવા જાય? જ્યારે આભ ફાટ્યું હોય ત્યારે થીગડાથી કામ ચાલે? આ આભ ફાડવા માટે ફક્ત મોદી જ જવાબદાર? રાજ્ય સરકાર અને પ્રજા પોતે નહીં?

શું દેશનો પ્રધાનમંત્રી તમારાં મોંઢે માસ્ક બાંધવા આવે? શું કોરોનાનો ડર ઓછો થતાં જ શરૂ થયેલી આપણી બેદરકારી આપણને નડી નથી? શું આ પરિસ્થિતિ વણસી એમાં વર્ષોથી વધારેલી વસ્તી નડી નથી? મોટાં શહેરોમાં, સાવ નાનાં ઘરોમાં રહેતાં લોકોમાં કોઈ એકને કોરોના થાય એટલે એક જ ટોયલેટ હોય અથવા દર્દીને અલગ રૂમ ફાળવીના શકવાને કારણે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવો ફરજીયાત થઈ પડે અને એટલે હોસ્પિટલમાં બેડની અને આખરે હોસ્પીટલની જ અછત ઉભી થાય તો આવી હાલતમાં વાંક કોનો? પ્રધાનમંત્રીનો?

મેં તો એવાંય લોકો જોયાં જેમની પાસે મસમોટા ઘર એમનાં ગામમાં હોય પણ શહેરમાં નાનાં ઘરમાં રહેતા હોવાથી હેરાન થયાં હોય, આ પરિસ્થિતિ માટે પણ શું આપણે કોઈ એક જ વ્યક્તિ ને દોષ દઈશું? કાલ સુધી ગામમાં લાકડાનો ચુલો હતો અને ખેતરમાં ટોયલેટ અને એટલે જ ગામનાં લોકો શહેર તરફ પ્રયાણ કરતાં રહ્યાં છે, એવી જ રીતે શહેરનાં ભણેલા ગણેલા યુવાનો પરદેશ તરફ પ્રયાણ કરી ગયાં, આજે આપણે ડોક્ટરોની અછત પણ અનુભવી રહ્યા છીએ, વર્ષોથી ચાલી આવતી અનામત પ્રથાનું આ ડોકટરોની અછતમાં યોગદાન કેટલું?

માન્યું મોદી સાત વર્ષથી કેન્દ્ર માં છે પણ જે વર્ષોથી ચાલ્યું આવે છે એને બદલી નાખવું એટલું આસાન તો નથી જ એ આપણે ટ્રીપલ તલાક અને કલમ ૩૭૦ નાબુદ કરતી વખતે આ જોયું જ છે.

જે લોકો અત્યારે વિરોધ પક્ષમાં છે એ ક્યારેક સત્તા પર હતાં ત્યારે પણ દેશહિતમાં કોઈ સુધારા નહોતાં કરતા અને અત્યારે પણ સુધારા થાય ત્યારે એનો વિરોધ કરીને દેશનું નુકસાન જ કરી રહ્યા છે, એવાં સમયે કોમન સિવિલ કોડ અને આરક્ષણ નાબુદી જેવાં જરૂરી પગલાં કેવીરીતે લઈ શકાય?

આશ્ચર્યજનક રીતે કડવાશની પરાકાષ્ઠા તો ત્યારે લાગે છે જ્યારે ગુજરાતી ભાષાનાં વિવાદસ્પદ લેખક પોતે પોતાના **FB** એકાઉન્ટ પરથી મોદી વિરુદ્ધ પોસ્ટ મુકે છે, ભુલી ગયું ગુજરાત એ હુલ્લડ ભર્યા દિવસો, એ કર્ફ્યુ, એ નવ નિર્માણના દિવસો, ભુલી ગયું ગુજરાત એ ટ્રેનમાં સળગેલા આપણાં જ લોકોનાં શરીર અને પછી ફાટી નીકળેલાં તોફાનો, ભુલી ગયું ગુજરાત મોદી નામનાં એક સામાન્ય માણસે **CM** બનીને ગુજરાતમાં કરેલાં વિકાસનાં કાર્યો..

સૌથી વધું મોત તો કોરોનાને કારણે મુંબઈમાં થયાં છે છતાં કોઈ મુંબઈકર સાહેબનાં દિકરાને દોષ આપે છે? વિચારજો... જ્યારે આપણે તો લગાવા માંડ્યા ઠુમકા અને એ પણ મોદીની હાર પર?

શું કહેવું? બંગાળમાં જીત કેમ જરૂરી હતી? કોઈ વાંધો નથી હાર્યા, ૪ માંથી ૮૦ એ પહોંચવું સોફા પર બેસીને **FB** પર પોસ્ટ મુકવા જેટલું તો સહેલું નહીં જ હોય ને?

આ ૮૦ સીટ મેળવવાં હજારો લોકોએ જીવ દીધો છે, કદર કરો એટલિસ્ટ એ લોકોની, કેવું લાગશે એ લોકોને ભાજપની હાર પર તમારી ખુશ થતી પોસ્ટ વાંચીને? શું એમનાં બલિદાનની કોઈ કિંમત નથી?

આજે જ્યારે વિશ્વ ભરના દેશોમાંથી ભારતને અલગ અલગ રીતે મદદ મળી રહી છે ત્યારે ભુલથી પણ આ મોદી વિરોધી લોકોએ આ વાતને મોદીની વિદેશનીતિને સફળ ગણાવીને મોદીને શ્રેય આપ્યો ખરો? ના ને..બસ મોદી વિરોધ કરવો જ એ લોકોનો ધર્મ થઈ પડ્યો છે.

પોતાને સેક્યુલર કહેવડાવીને મોદી વિરોધ કરતાં લોકોને એટલી જ વિનંતી કે સેક્યુલરિઝમના મહોરાને સમજે, જાણે અને વિચારે કે આ કહેવાતું સેકયુલરિઝમ ક્યાંક કોઈ એક ધર્મને પાંગળો બનાવવા માટે તો નથી વપરાતું ને?

જ્યાં સુધી હોસ્પિટલમાં બેડ ધર્મ જોઈને નથી અપાતો, જ્યાં સુધી ઓકસિજનનો બાટલો ધર્મ જોઈને નથી અપાતો ત્યાં સુધી આપણે સેક્યુલર જ છીએ અને રહીશું તો પછી મોદી કે ભાજપને કટ્ટર કહીને ઉતારી પાડવાનો કોઈ અર્થ ખરો?

મોદી સારું કરે તો આપણો અને ભુલ કરે કે હારે એટલે નકામો?

નારાજગી અને નફરતનો ફરક સમજવો જરૂરી છે, આપણાં લોકોથી નારાજ થવાય, નફરત ના કરાય..એક હદથી વધારે કડવાશ એનાં પાત્રને બરબાદ કરે છે.

આત્મમંથન અનિવાર્ય

# રાજ્ય પોલીસ દળમાં પોલીસ અધિક્ષક ના. પોલીસ અધિક્ષકની બદલી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષકની બદલી કરી બે પી.આઈ ને નાયબ પોલીસ અધિક્ષકનું પ્રમોશન આપતો ગૃહ વિભાગમાંથી હુકમ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યના ગૃહ વિભાગનાં અધિક સચિવએ જાહેરનામું બહાર પડ્યું છે. જેમાં રાજ્યમાં પોલીસ દળમાં પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા અધિકારીઓની બદલી કરવામાં આવી છે. વડોદરામાં (ઇન્ટેલીજન્સ) પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા જયરાજસિંહ વી વાળા (આઈ.પી.એસ) ને બદલી કરી વડોદરા શહેર ઝોન-૨ નાયબ પોલીસ કમિશનર તથા ગાંધીનગર (ઇન્ટે) પોલીસ અધિક્ષક ભગીરથ ટી.ગઢવી (આઈ.પી.એસ) ને અમદાવાદ શહેર ટ્રાફિક યુથ નાયબ પોલીસ કમિશનરની જગ્યા પર બદલી કરવામાં આવી છે. જયારે રાજ્ય પોલીસ દળમાં નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી) ની બદલી કરવામાં આવી છે. જેમાં અમદાવાદ મુખ્ય મંથક ગુજરાત રેલવે પોલીસમાં નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા નિલમબેન બી ગોસ્વામીની બદલી મુખ્ય મંથક જામ ખંભાળીયા દેવભૂમિ દ્વારકામાં નાયબ પોલીસ અધિક્ષક તરીકે બદલી કરવામાં આવી છે. જયારે ગાંધીનગર આઈ.બી વી.આઈ.પી સિક્યુરિટી ના નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા જગદીશસિંહ પી ભંડારીની અમરેલી વિભાગીય પોલીસ અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. જયારે પી.આઈ આઈ.એમ.કોઢિયા ને નાયબ પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપી ગુજરાત રેલવે પોલીસ મુખ્ય મંથક અમદાવાદની ખાલી જગ્યા ઉપર નિમણુક આપવામાં આવી છે તથા પી.આઈ આર.એ.ડોડિયા ને નાયબ પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપી સિક્યુરિટી સુપરીટેન્ડન્ટ અમદાવાદ ખાતે નિમણુક કરાઈ છે.

**બે પી.આઈ ને નાયબ પોલીસ અધિક્ષકનું પ્રમોશન અપાયું**

# તરવડા ગુરૂકુલ દ્વારા શરૂ કરાયો 'કોરોના સારવાર સેવારથ'



(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૪

સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાનની શાખા ગુરૂકુલ તરવડા, અમરેલી ખાતે 'કોરોના સારવાર સેવારથ' શરૂ કરાયો. રાજકોટ ગુરુકુલના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી રાજકોટ ખાતે વિનામૂલ્યે સારવાર તથા ભોજન પ્રસાદ સાથે ૧૦૦ બેડનું કોરોના સારવાર કેન્દ્ર ચાલી રહ્યું છે.

વધુમાં કોરોના મહામારીનું ગામડાઓમાં પણ વધતું જતું પ્રમાણ અટકાવવા તથા ગામડાના સામાન્ય પરિસ્થિતિના પરિવારોને નિશુલ્ક સારવાર પ્રામ થાય તેવા ઉમદા હેતુથી તરવડા ગુરુકુળ ખાતે 'કોરોના સારવાર સેવારથ' ચાલુ કરાયો.

# મોટાદડવા હવેલી ચોક મહિલા મંડળ દ્વારા રૂ.૫૦ હજારનું ફંડ એકત્ર

### રકમ કોવિડ કેર સેન્ટરમાં અર્પિત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મોટાદડવા,તા.૪

મોટાદડવા મહીલા મંડળ દ્વારા ૫૦૦૦૦ નું ફંડ એકત્ર કરી મોટા દડવા કોવિડ સેન્ટરના સંચાલન કરતાં તેમજ અનોખી સેવા આપતાં સરપંચ ભુપતભાઈ વાળા મનુભાઈ લાવડિયા ગીરધરભાઇ વેકરીયા રઘુભાઈ વસાણી વગેરેને મોટાદડવા મહિલાઓએ ઉત્તમ દાખલો બેસાડ્યો નારી શક્તિની તાકાત તેમજ બુલંદ હોસ્લો જોવા મળ્યો હતો.હવેલી ચોક સ્થિત મહિલા મંડળ દ્વારા એક વિચાર આવ્યો આ સમયમાં આપણે શું યોગદાન આપી શકીએ ત્યારે વસંતબેન મનશુખભાઈ શિંગાળા તેમજ શારદાબેન ધીરુભાઈ ચોથાણી દ્વારા સર્વે મહિલાઓ પાસેથી યથા યોગ્ય ફુલ નહીં પણ ફુલની પાંખડી સ્વરૂપે દરેક મહિલાએ આપી આ સઘળી રકમ મોટાદડવા ગામે ચાલતું કોવિડ કેર સેન્ટરમાં જે ઉપયોગમાં લઈ શકાય તેમાં ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.



વર્તમાન સ્થિતી પહોંચી વળવા મોટાદડવા ખાતે હમીરપરા સ્થિત કોવિડ કેર સેન્ટર ખોલવામાં આવ્યુ છે.

જેમા ઓક્સીજન થી માંડી દવા સહિત અન્ય વસ્તુ ખર્ચ ખૂબ વધારે હોઈ જેમનો ખ્યાલ મોટાદડવા મહિલાઓને થતા તેમની ચિંતા વ્યકત વસંતબેન શિંગાળા શારદાબેન ચોથાણી એ કરી જો કે આ બાબત અનેક મહિલાઓને મળી રૂપિયા ૫૦૦૦૦ ની રકમ એકઠી કરી કોવિડ કેર સેન્ટરને અર્પિત કર્યા હતાં.(૧૪.૪)

# જિલ્લા ભાજપ અગ્રણી હિરેન જોષીએ વેકિસનો પહેલો ડોઝ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

ગોકુલ વિદ્યાલય ખાતે રાજકોટ જિલ્લા ભાજપના અગ્રણી, વેસ્ટર્ન રેલ્વેના ડી.આર.યુ.સીસી મેમ્બર અને રીયલ હ્યુમન ટ્રસ્ટના પ્રમુખ હિરેનભાઈ જોશીએ કોરોના રસીકરણનો પ્રથમ ડોઝ લીધો હતો. વેકસીન તમામએ લેવા અનુરોધ કરતા જણાવેલ કે, વેકસીન લેવાથી કોઈપણ જાતની તકલીફ કે કોઈ સાઈડ ઈફેકટ થતી નથી. કોરોના મહામહામારીનો એક જ ઉપાય રસીકરણ (વેકસીન), સાથે રસીકરણ કર્યા પછી પણ આપણે પૂરતી તકેદારી રાખવી એટલી જ જરૂરી છે. માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને વારંવાર હાથ સાબુથી ધોવા આ નિયમનું પાલન કોરાના રસીકરણ પછી પણ રાખવા હિરેનભાઈ જોશીએ પોતાની યાદીમાં જણાવ્યું હતું.



# વિંછીયામાં જુગાર રમતા આઠ ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

વિંછીયામાં આવેલા સનાલી રોડ પર આવેલી હરજી અરજણ ગોહિલની વાડીના રોડે શહેરમાં તીનપતિનો જુગાર રમતા લઘા વશરામ ડાભી, જગદીશ ધીરજલાલ ગોહિલ, હરેશ ઉર્ફે બાઠો કાનજી સોલંકી, રાજુ નકુ ગોહિલ, રણજીત જલુ ખાચર, હરજી અરજણ ગોહિલ, કસ્તુર રાચા સોલંકી સહિત આઠ શખ્સોની પોલીસે ધરપકડ કરી રોકડા રૂ. ૩૪,૯૫૦ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

## સાંસદ કાછડીયાએ બદલી કરાવી હોવાનો આક્ષેપ

# સાવરકુંડલા સરકારી હોસ્પિટલના ડો.હાર્દિકની બદલી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૪

સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. હાર્દિક બોરીસાગરની જિલ્લા જેલ ખાતે બદલી થતાં ધારાસભ્ય પ્રતાપ દુધાતે કોરોના મહામારીમાં ડોકટરની બદલી ન કરવા માંગ કરી છે. તેઓએ જણાવેલ છે કે સાંસદ સહિતના સતાધારી પક્ષના આગેવાનો કોરોના વોરિયર્સ ગણાતા તબીબોને ખોટી રીતે ધમકાવતા હોય છે અને અંતે કારણ વગર બદલી કરાવતા હોય છે. જે અંતર્ગત સાવરકુંડલાના તબીબની બદલી થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો.

વધુમાં જણાવેલ છે કે, સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં તબીબોની જગ્યા ખાલી છે હવે તેમાં પણ એક તબીબની બદલી થવાથી કોરોના અને અન્ય દર્દીઓની સારવારમાં મુશ્કેલી ઉભી થશે. રાજયના મુખ્યમંત્રીએ બદલી અટકાવવી જોઈએ તેવી માંગ અંતમાં કરેલ છે.

## વન્ય પ્રાણીઓ માટે વર્ષે કરોડોની ફાળવાતી ગ્રાન્ટ

# નપાણીયા અધિકારીઓના પાપે સિંહો તરસ્યા!



### ખાંભા રેન્જની કોદીયા વિડીમાં સિંહોની પીવાના પાણીની કુંડીમાં ટિંપુય પાણી નથી છતાં અધિકારીઓના પેટમાં પાણી હલતું નથી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૪

વન્ય પ્રાણીઓ માટે વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવે છે. સિંહો બચાવવા માટેમસમોટા દાવા કરાય છે પરંતુ જંગલની અંદરની વાસ્તવિકતા અલગ હોય છે. જંગલની અંદર સિંહોને ૪૫ ડીગ્રી ગરમીમાં પણ પાણીનું ટીપુ નસીબ થતું નથી પરંતુ નપાણીયા અધિકારીઓનાં પેટનું પાણીય હલતું નથી અને સિંહો તરસ્યા છે અને વન્ય પ્રાણીઓ પણ તરસ્યા છે.

ધારી ગીર પૂર્વની ખાંભા રેન્જ હેઠળ રબારીકા રાઉન્ડની કોદીયા વિડીમાં પાણીની કૂંડી ખાલીખમ્મ ભાસી રહી છે. અહી અનેક સિંહ-દીપડા, નિલગાય, હરણ વગેરે વન્ય પ્રાણીનો કાયમી વસવાટ છે અને આ પાણીની કૂંડી એકમાત્ર પાણી પીવાનો વિકલ્પ છે. અહીં બીજા કોઈ કુત્રિમ પાણીના પોઈન્ટ નથી પરંતુ વન વિભાગ દ્વારા આ કૂંડી ભરવામાં આવતી નથી. હાલમાં જંગલમાં ૪૫ ડીગ્રી જેટલી ગરમી પડી રહી છે ત્યારે સિંહોને અહી એક ટીપુ પાણી પણ નસીબ થતું નથી જે નરી વાસ્તવિકતા છે.

વન વિભાગ દ્વારા તાજેતરમાં જ પોણા લાખ રૂપિયાનાં ખર્ચે આ કૂંડી બનાવવામાં આવી છે. પરંતુ પાણી ભરાતુ નથી અને કૂંડી બનાવવામાં પણ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. ત્યારે કરોડો રૂપિયા સિંહો તથા વન્યપ્રાણી બચાવવા માટે સરકાર દ્વારા ફાળવવામાં આવે છે તેમ છતાં સિંહોને જોઈએ તેટલી સુવિધા મળતી નથી અને સિંહો જંગલની બહાર પાણી અને ખોરાકની શોધમાં ભટકે છે. જેના કારણે રેવન્યુ વિસ્તારની ખુલ્લામાં પડી જવાથી અથવા શોર્ટ-અકસ્માતથી સિંહો મરે છે અને સિંહો મરવા છતાં સિંહોનું યોગ્ય સંવર્ધન અને સંરક્ષણ કરવામાં આવતું નથી. જેથી ગીર પૂર્વમાં વ્યાપક પ્રમણમાં સિંહો મોતને ભેટે છે.

### પુરવઠા વિભાગનો સપાટોઃ બાયો-ડીઝલના સંચાલકોમાં ફફડાટ

# અંકલેશ્વર, ભરૂચ-માંગરોલ તાલુકામાં ૧૩ ગેરકાયદે બાયો-ડીઝલ પંપ સીઝ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૪

અંકલેશ્વર તેમજ માંગરોલ તાલુકામાં ગેરકાયદેસર ચાલતાં બાયો-ડીઝલ પંપોનાં સંચાલકો ઉપર વહીવટીતંત્રની રહેમનજર હેઠળ ધમધમી રહયા છે. જે અંગેની લેખિતમાં ફરીયાદ ભરૂચ જિલ્લા પુરવઠા અધિકારી, નાયબ કલેકટર તથા મામલતદાર અંકલેશ્વરનાંઓને કરવામાં આવી હતી. જેની સામે મામલતદાર કચેરીનાં અધિકારી દ્વારા ને.હા.નં.૪૮ ઉપર આવેલ રે.સ.નં.૧૯૦માં ચાલતાં બાયો ડીઝલ પંપને સીલ મારી તેઓની કામગીરી અને ફરજ પુરી કરી હતી. બીજી તરફ આમોદ તાલુકાનાં તણછા ગામે બાયો ડીઝલ પંપની બાજુ આવેલ ટેન્કને વેલ્ડીંગ કામ કરતી વેળાએ ધડાકાભેર આગ લાગી હતી. જેની

**પોલીસ અને પુરવઠા વિભાગ દ્વારા તટસ્ટ તપાસ થાય તો બાયો-ડીઝલનો પુરવઠો પુરો પાડનાર મુખ્ય સુત્રધાર ઝડપાય તો નવાઈ નહીં**

તપાસ પણ આમોદ પોલીસ મથકનાં અધિકારી દ્વારા ધીમી અને મંથર ગતી થતી હોવાથી અનેક શંકાઓ જાગી છે. જયારે જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા ૧૩ જેટલા બાયો ડીઝલ પંપોને સીલ મારી સુંદર કામગીરી કરવામાં આવેલ છે પરંતુ બાયો ડીઝલ પંપનાં સંચાલકો દ્વારા સરકારી સીલોને દૂર કરી ફરી બાયો ડીઝલ પંપ ચાલુ કરી દીધા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

ભરૂચ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આપેલ આદેશ અનુસાર અંકલેશ્વર તેમજ ભરૂચ તાલુકામાં ગેરકાયદેસર રીતે ચાલી રહેલા બાયો-ડીઝલ પંપો ઉપર રેડ કરી કેટલાંક ઈસમો સામે ફોજદારી રાહે કામગીરી ચાલી રહી છે. જેમાં (૧) વલ્લભ નાથાભાઈ પાનેલીયા (રામ દર્શન બાયો-ડીઝલ પંપ) કાપોદ્રા, અંકલેશ્વર. (૨) નાડુજી ખટીક (જય મહાદેવ બાયો-ડીઝલ પંપ) ભડકોદ્રા,અંકલેશ્વર. (૩) જયેશ હિંમત સવાણી (જે.કે. બાયો-ડીઝલ પંપ) કરગટ, ભરૂચ. (૪) સમીર હીરાભાઈ બારોટ (ગિરીરાજ એન્ટરપ્રાઈઝ) નાના સાંજા, ઝઘડીયા. (૫) હરેશ રહીયાણી (આર.આર.પંપ) અંકલેશ્વર નેત્રંગ રોડ. (૬) દિપીકાબેન કલ્પેશ શાહ (શ્રીરામ બાયો-ડીઝલ) રાજપારડી. (૭) મોહસીન રાણા, (ગુજરાત બાયો-ડીઝલ પંપ) આમોદ. (૮) કેતનભાઈ વ્યાસ (એકતા બાયો-ડીઝલ પંપ) મગણાદ. (૯) જતીન બજાજ (વિસીન ફલુય સ્ટેશન) મોટાલી,અંકલેશ્વર. (૧૦) અતુલ ભંડેરી (શ્રીરામ બાયો-ડીઝલ પંપ) લુવારા, ભરૂચ. (૧૧) હરીશ્રી ચૌહાણ (નનામી બાયો-ડીઝલ પંપ) નૌગામા, અંકલેશ્વર. (૧૨) સલીમભાઈ તેલી (નમો બાયો-ડીઝલ પંપ) કાપોદ્રા, અંકલેશ્વર. (૧૩) અલસમ ઉર્ફે ઈકબાલ તેલી (નમો બાયો-ડીઝલ પંપ) નબીપુર, ભરૂચ. આ તમામ બાયો-ડીઝલ પંપનાં સંચાલકો સામે કેસ કરી ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે કે કેમ...? તેમજ સ્થળ તપાસ વખતે જે વસ્તુઓ મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવ્યું તેમજ સીલ કરવામાં આવ્યું.

### સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ

# કોરોના કાળમાં પૈસા કોઈ કામના નથી, બ્રિજ પરથી નોટો ઉડાવી આપઘાતનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ,તા.૪

ભરૂચ સહિત રાજયભરમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. લોકોએ પોતાના સ્વજનો ગુમાવી રહ્યા છે. ત્યારે ઘણા નિરાશ થઇને તણાવ અનુભવવા લાગ્યા છે. તો બીજી તરફ લોકોના ધંધા રોજગાર ઠપ્પ થઇ ગયા છે. આ પ્રકારની તમામ પરિસ્થિતિઓ માનસિક સંતુલન જાળવી રાખવું ખૂબ જરૂરી બની જાય છે.

તાજેતરમાં પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના અંકલેશ્વરમાં એક યુવકે માનસિક તણાવમાં આવી ગયો હતો અને તેણે આત્મહત્યાનો પ્રયત્ન કર્યો હતો. જોકે લોકોએ તેનો જીવ બચાવી લીધો છે.



**ભરૂચના અંકલેશ્વરમાં એડ યુવકે આપઘાતનો પ્રયાસ કરતા લોકોએ બચાવી લીધો**

આ સમગ્ર ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તે કહી રહ્યો છે કોરોનાકાળમાં પૈસા કોઈ કામના નથી એમ કહીને તેણે બ્રિજ પરથે નોટોનો વરસાદ કર્યો હતો. નોટો ઉડાવ્યા બાદ તેણે બ્રિજની રેલિંગ કૂદીને આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે લોકો સમયસર પહોંચી જતાં તેનો જીવ બચી ગયો હતો.

હાલમાં આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઇ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે એક વૃદ્ધ જેવો દેખાતો વ્યક્તિ બ્રિજની રેલિંગ કૂદીને એક પાળી પર ઊભો છે. આ સમયે નીચે પણ લોકો જોવા મળી રહ્યા છે. બેથી ત્રણ વ્યક્તિઓએ વૃદ્ધને પકડી રાખ્યા છે. આ દરમિયાન વૃદ્ધ તેના હાથમાં રહેલી એક થેલીમાંથી નોટો ઊડાવી રહ્યા છે. વીડિયો જોઈને એવું લાગે છે કે વૃદ્ધ બ્રિજ પરથી નીચે છલાંગ લગાવવા માંગે છે. જોકે, ઉપર ઊભેલા અન્ય લોકોએ તેમને પકડી રાખ્યા હતા.

# સુરતઃ ગેરેજમાં શોર્ટસર્કિટથી આગ લાગી



**બાઈક, ઓઈલનો જથ્થો અને એર કમ્પ્રેસર બળીને ખાખ**

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૪

અશ્વની કુમાર પુષ્પક સોસાયટીમાં આવેલા બંધ ગેરેજમાં સોમવારે બપોરે શોર્ટસર્કિટના કારણે આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા બાઇક, ઓઇલનો જથ્થો તેમજ એર કમ્પ્રેશર સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. અશ્વનિકુમાર રોડ પરના પુષ્પક સોસાયટીમાં આવેલી શ્રીહરિ ઓટો ગેરેજ નામની દુકાનમાં સોમવારે બપોરે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. બંધ દુકાનમાં શોર્ટસર્કિટનાં કારણે આગ ભભૂકી ઉઠયા બાદ દુકાનમાંથી ધુમાડા નીકળતા ભાગદોડ મચી ગઇ હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ફાયરબ્રિગેડને જાણ કરાઈ હતી.ફાયરબ્રિગેડ આજુ બાજુની દુકાનો આગની લપેટમાં આવે તે પહેલાં આગ પર કાબુ મેળવી લીધો હતો.

આ ઘટનામાં સદનસીબે કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી. જોકે દુકાનમાં મુકેલી એક બાઇક, એર કમ્પ્રેસર તેમજ ઓઇલ સહિતનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. અન્ય એક ઘટનામાં ઉતરાણ ગજેરા સ્કૂલ નજીક કાઢીના ઝાડ પાસેથી પસાર થતો ઈલેક્ટ્રિક વાયર પાંદડાને પડી જતા સ્પાર્ક થયું હતું તેના કારણે તાળીના ઝાડમાં આગ લાગી હતી.

# ભરૂચ સિવિલ હોસ્પિટલ કોવિડ વોર્ડ હાઉસફુલ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ,તા.૪

ભરૂચમાં કોરોનાનું સંક્રમણ અત્યંત મોટા પ્રમાણમાં ફેલાય રહ્યું છે એવા સમયમાં કોરોના પોઝિટીવ કેસની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ગઇકાલે રાત્રે ભરૂચની સિવિલ હોસ્પિટલ ખાતે કોવિડ વોર્ડ હાઉસફુલ થઈ જતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં આવેલા દર્દીઓને કલાકો સુધી બેડ

**દર્દીઓને બેડ ન મળતા એમ્બ્યુલન્સમાં સારવાર અપાઈ**

મળ્યા ન હતા, દર્દીઓને બેડ માટે રાહ જોવી પડી હતી. આથી ત્રણ એમ્બ્યુલન્સમાં આવેલા દર્દીઓને વેઈટિંગના કારણે પ્રાથમિક સારવાર એમ્બ્યુલન્સમાં આપવાની નોબત આવી હતી.(૧૪.૧)

# ભરૂચ સિવિલ હોસ્પિટલની મુલાકાત લેતા અર્જુન મોઢવડીયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ,તા.૪

આજે ભરૂચ ખાતે પ્રદેશ કોંગ્રેસનાં માજી પ્રમુખ અર્જુનભાઇ મોઢવડીયા આવી પહોંચ્યા હતા. તેઓએ સિવિલ હોસ્પિટલ અને પટેલ વેલ્ફેર હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓએ જણાવ્યુ હતું કે અહીં ભરૂચમાં એક તરફ કોવિડ-૧૯ ની સ્થિતિ અત્યંત કથળતી જાય છે લોકોને ઑક્સીજન બેડ કે વેન્ટીલેટર મળતાં નથી. રેમડીસીવરનાં ઇન્જેકશનોની પણ ભરૂચમાં અત્યંત અછત જોવા મળી છે.

આથી સરકારને આ તકે રજૂઆત છે કે તમામ દવાઓ લોકોને મળી રહે તેમજ લોકોના આરોગ્યની સેવાઓના અભાવે મૃત્યુ ના થાય તેની સરકારે તકેદારી રાખવી તેમજ ૧૬



**પટેલ વેલફેર હોસ્પિટલમાં મૃતકના પરિવારોને રૂ.૪ લાખના બદલે રૂ.૮ લાખની સહાય માટે રજૂઆત**

જેટલા દર્દીઓ સહિતના લોકોનું અહીં પટેલ વેલ્ફેર હોસ્પિટલમાં મૃત્યુ થયા છે તો આ મૃત્યુ પામનારનાં પરિવારજનોને સરકાર દ્વારા રૂ.૪ લાખનાં બદલે રૂ.૮ લાખની સહાય આપવામાં આવે અને પટેલ વેલ્ફર હોસ્પિટલને જે નુકસાન થયું છે તે નુકસાન માટે કોમ્પન્સેસન કરે તેવી સરકાર સમક્ષ માંગણી કરી છે.

તેમજ ભરૂચ જીલ્લાનાં દર્દીઓને પુનઃ લાભ પ્રાપ્ત થાય અને બીજી જગ્યાએ આવી કોઈ ઘટના ન બને તે માટે સરકારે પગલાં લે તે જરૂરી છે.(૧૪.૨)

# કાપોદ્રામાં બ્રાન્ડેડ કંપનીના નકલી એન્જિન ઓઈલનું ગોડાઉન ઝડપાયું



## બેની ધરપકડ, ગાડી સહિત ૬.૬૦ લાખનો મુદ્દામાલ કબજે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૪

કાપોદ્રામાં પોલીસે દરોડો પાડી વેસ્ટેજ ઓઇલને ડબ્બામાં પેક કરી બ્રાન્ડેડ કંપનીના નામ અને લોગો સાથે નકલી એન્જીન ઓઇલનુ ગોડાઉન ઝડપી પાડ્યું છે. પોલીસે કાર સહિત ૬.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ૨ આરોપીઓની ધરપકડ પણ કરી છે. કાપોદ્રા પોલીસના જણાવ્યા અનુસાર, પીએસઆઈ ડી. કે. ચોસલાને માહિતી મળી હતી કે, લક્ષ્મણ નગર રોડ પર ઠાકોરદ્વાર સોસાયટીના એક મકાનમાં કેટલાક લોકો બ્રાન્ડેડ કંપનીના નામે નકલી એન્જીન ઓઇલ બનાવીને વેચે છે. માહિતીના આધારે પોલીસે રવિવારે ત્યાં દરોડો પાડ્યો હતો. દરોડામાં આરોપીઓ યોગેશ બાવચંદ વસાળે (રહે. ધરમનગર, એકે રોડ. મૂળ રહે. નાઝપુર, તાલુકો કુકાવાવ, અમરેલી) અને અમિત પ્રભુદાસ વાગડિયા( રહે. કુમકુમ રેસીડેન્સી, કામરેજ, મૂળ રહે.રાનીપરજ, ભેસાણ, જુનાગઢ)ને પકડી પાડ્યો હતો. ગોડાઉન માંથી પોલીસે નકલી ઓઈલના ૫૬ ડબ્બા, ઉપરાંત બ્રાન્ડેડ કંપનીના સ્ટીકર, લોગો, પેકિંગ અને સીલિંગનું મશીન તેમજ કાર મળી ૬.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આરોપીઓ સામાન્ય અને વેસ્ટેજ ઓઈલને ડબ્બામાં પેક કરી તેના પર બ્રાન્ડેડ કંપનીના સ્ટીકર લગાવીને ઉંચા ભાવે વેચતા હતા. આરોપી યોગેશ છેલ્લા ચાર વર્ષથી આ ગોરખ ધંધો કરતો હતો.

# પોઝિટિવ કેસનો આંક ૧૨૦૮૨૦ પર પહોંચ્યો, મૃત્યુઆંક ૧૮૧૧ અને કુલ ૯૯૬૨૪ દર્દી રિકવર થયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૪

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, સુરત શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંક ૧૨૦૮૨૦ પર પહોંચી ગયો છે. આ સાથે શહેર જિલ્લામાં કોરોનાથી મૃત્યુઆંક વધીને ૧૮૧૧ થયો છે.

ગત રોજ શહેરમાંથી ૨૨૯૦ અને જિલ્લામાંથી ૩૩૭ મળી શહેર જિલ્લામાંથી ૨૬૨૭ કોરોના પોઝિટિવ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. આ સાથે અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં ૯૯૬૨૪ કોરોના દર્દીઓ કોરોનાને માત આપી ચુક્યા છે.

પોઝિટિવ કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા એક્ટિવ કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. આ સાથે શહેર જિલ્લામાં કોરોનાના મૃત્યઆંકમાં પણ ઘટાડો થયો છે. શહેર જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૯૩૮૫ થઈ ગઈ છે.

સુરત શહેરમાં ચાલતી કોરોના દર્દીઓના મોતના આંકડા છુપાવવાની ગતિવિધિ જિલ્લામાં પણ લાંબા સમયથી ચાલતી હોવાની વિગતો સામે આવી રહી છે. જિલ્લામાં કોરોનાના વધી રહેલા કેસો વચ્ચે છેલ્લા ૯ દિવસમાં ૮૦૬ વ્યક્તિના કોરોના પ્રોટોકોલ પ્રમાણે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

બીજી બાજુ આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા નવ દિવસમાં ૩૩ જ મોત બતાવતા જિલ્લામાં ચાલી રહેલી આંકડાની રમતને લઈ લોકોમાં ભારે ગુસ્સો જોવા મળી રહ્યો છે. સરકારી આંકડા સામે અલગ અલગ ગામોના તલાટી, સરપંચ તેમજ ગામના અન્ય આગેવાનોએ શંકા વ્યક્ત કરી છે.

# ESIC હોસ્પિટલમાં સ્ટોરેજ ટેન્ક મુકી પણ ઓક્સિજન ન આવ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૪

અંકલેશ્વર ઈ.એસ.આઈ.સી હોસ્પિટલ ખાતે ઓક્સિજન સ્ટોરેજ ટેન્ક પણ ઓક્સિજન નહિ હોવાનું સામે આવ્યું છે. સપ્તાહથી એ.આઈ.એ દ્વારા સ્ટોરેજ ટેન્ક ઉભી કરી આપી પણ હજી સુધી તંત્ર સપ્લાય પૂરો પાડ્યો નથી. લાખોના ખર્ચે જન ભાગીદારીથી ઉભી થયેલી ટેન્ક શોભાના ગાંઠિયા સમાન બની રહી છે. તાંત્રિક મંજૂરી મળી પણ સ્ટોરેજ માટે હવે જથ્થો મળતો નથી.



હોસ્પિટલ વ્યવસ્થાપકની પણ આ બાબતે ચુપકીદી સામે આવી રહી છે. ઓક્સિજન ને લઇ જ્યાં જિલ્લા માં કિલ્લત સર્જાય રહી છે. ૪૫ ટન ઓક્સિજનની જરૂરિયાત સામે પણ ૩૫ થી ૪૦ ટન જ ઓક્સિજન મળી રહ્યો છે. ત્યારે સરકાર નાજ સ્પેશિયલ ડેઝીગનેટેટ હોસ્પિટલ એવી ઈ.એસ.આઈ.સી હોસ્પિટલ ખાતે એ.આઈ.એ પ્રમુખ રમેશ ગાભણી દ્વારા ૧૦ ટન ઓક્સિજન સ્ટોરેજ ટેન્ક ઉભો કરવામાં આવ્યો છે. ટાબરતોબ ઉભા થયેલા આ સ્ટોરેજ ટેન્કની લાઈન પણ હોસ્પિટલ માં નાખી દેવામાં આવી છે. અને સપ્તાહ પૂર્વે તૈયાર આ સ્ટોરેજ ટેન્કની તાંત્રિક મંજૂરી માટે પ્રથમ અટાવ્યું હતુ.

# ડોક્યુમેન્ટના આધારે બોગસ બિલિંગમાં જામીન નામંજૂર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૪

છેતરપિંડી આચરીને ડોક્યુમેન્ટ મેળવી તેના આધારે જીએસટી રજિસ્ટ્રેશન લઇ રૂપિયા દસ કરોડથી વધુનું બોગસ બિલિંગ આચરનારા કૌભાંડીની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. સરકાર તરફે એપીપી કિશોર રેવલીયાએ દલીલો કરી હતી. સરથાણા પોલીસ મથકમાં નોંધાયેલાં કેસની વિગત મુજબ સરથાણા ખાતે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતાં ગૌમત સુવાગીયાએ

**રત્નકલાકારના નામે કરોડોનું ટર્નઓવર**

ઓનલાઇન ધંધો કરવા માટે આરોપી ધર્મેશ વોરાને ડોક્યુમેન્ટ આપી જીએસટી નંબર લીધા હતા. ફરિયાદીના મિત્ર ચિરાગ મોરડીયાએ પણ જીએસટી નંબર મેળવ્યો હતો,. જો કે, પાંચ મહિનામાં આ નંબરના આધારે ઊભી કરાયેલી ફર્મ પર કુલ દસ કરોડથી વધુનુ ટર્નઓવર કરી દેવાયુ હતુ અને ટેક્સ લાયાબિલિટિ પણ ઊભી થઈ ગઈ હતી. આ કેસમાં પોલીસે આરોપી ધર્મેશ વોરા, હરેશ જળોદરા, દિપેશ ગોટાવાલા, રાજકુમાર, રવિ ગોંડલિયા, અનુજ અગ્રવાલ અને ચેતન મોદી સામે ગુનો નોંધ્યો હતો.જેમાં આરોપી ધર્મેશ વોરાએ કરેલી જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. આરોપીઓએ આ કેસના અન્ય એક સાહેદ ભરત કે જે લેસ પટ્ટીનું કામ કરે છે, તેના નામે પણ ફર્મ ખોલી રૂપિયા દસ કરોડનું ટર્નઓવર કર્યુ હોવાનું તપાસમાં સામે આવ્યુ છે. આરોપી ધર્મેશ વોરાએ સહ આરોપી દિપેશ ગોટાવાલાની સાથે મળીને આ કારસ્તાન કર્યુ હતુ.

# ભરૂચના કોવિડ સ્મશાનમાં મૃતદેહોની સંખ્યામાં બે દિવસમાં નોંધાયો ૫૦%નો ઘટાડો



(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ,તા.૪

ભરૂચ ખાતે કોવિડ સ્મશાનમાં આજે સાંજ સુધીમાં ૧૮ વ્યક્તિઓના મૃતદેહોને અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા હતા. છેલ્લા ૧૦ દિવસથી રોજના ૪૫થી વધુ મૃતદેહો આવ્યા બાદ છેલ્લા બે દિવસથી ૨૦ થી ૨૫ મૃતદેહો આવતા ખાલી સ્મશાનના દ્રશ્યો ઘણા દિવસે જોવા મળ્યા છે.

ગતરોજ ૩૨ મૃતદેહો આવ્યા બાદ આજરોજ તે ઘટીને આંક ૨૧ પર આવ્યો છેલ્લા ૧૫ દિવસથી ભરૂચનું કોવિડ સ્મશાન જાણે મૃતકોના સ્વજનોની ચિચિયારી અને રુદનથી ધ્રુજી ઉઠ્યું હતું. સૌથી વધુ એક દિવસે ૫૮ મૃતદેહોના અગ્નીસંસ્કારનું સાક્ષી ભરૂચનું કોવિડ સ્મશાન બન્યું છે. ત્યારે છેલ્લા બે દિવસથી ભરૂચના સ્મશાનમાં લવાતા મૃતકોના આંકમાં નોધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ગતરોજ ૩૨ મૃતદેહો આવ્યા બાદ આજરોજ તે ઘટીને ૨૧ પર આવ્યો હતો. ભરૂચ વાસીઓ માટે આ એક રીતે સારા સમાચાર કહી શકાય છે. આની પાછળ છેલ્લા એક સપ્તાહથી અપાયેલ મીની લોકડાઉન અને લોકોમાં આવેલી સ્વયંભૂ સભાનતા પણ કારણભૂત કહી શકાય છે. આજે કેટલાય દિવસો પછી સ્મશાનમાં ખાલી પડેલી ચિતા નજરે પડી હતી. અને સ્વયંસેવકો પણ ફૂરસતનીપળોમાં બેઠેલા જોવા મળ્યા હતા.

# દિપ્તીનગર પાસે દારૂની ૫૯ બોટલ સાથે શખ્સની



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

કોઠારીયા રોડ પર દિપ્તીનગર પાસે સેન્ટ્રો કારમાં વિદેશી દારૂની ૫૯ બોટલ સાથે જંગલેશ્વરના શખ્સની પોલીસે ધરપકડ કરી છે. આ અંગેની વિગત મુજબ ભક્તિનગર પોલીસના પી.એસ.આઈ આર.જે.કામળીયા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ૮૦ ફૂટ રોડ પર કોઠારીયા રીંગ રોડ પર આવેલા દિપ્તીનગર પાસેથી સેન્ટ્રો કાર નં. જીજે-૧ એચ.ઈ-૬૩૯૩ માં

**એકટીવામાં બે બોટલ દારૂ લઈ નીકળતા ઝબ્બે**

નીકળેલો ઇમરાન ઉર્ફે ઈમુ ગુલામ બેલીમ (રહે. જંગલેશ્વર શેરી.૨૬ તવક્કલ ચોક) માં અટકાવી તપાસી લેતા કારમાંથી વિદેશી દારૂની ૫૯ બોટલ કિમત રૂ. ૧૧૯૫૦૦ ના મુદ્દામાલ સાથે શખ્સની ધરપકડ કરી છે. જયારે ન્યુ સુભાષનગરના બગીચા પાસે એકટીવા નંબર જીજે-૩ કે.આર-૬૪૮૨ માં ગૌતમ રમેશ હરસોડા (રહે. માવડી જસરાજ નગર) તથા ભાગ્ય મનોજ ટોપીયા (રહે. ગોવિંદનગર કોઠારીયા રોડ) નામના બંને શખ્સોને ક્રાઈમ બ્રાંચની ટીમે અટકાવી એકટીવાની તપાસી લેતા તેમાંથી દારૂની બે બોટલ મળી આવતા પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી રૂ.૩૬૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

**સ્યુસાઈડ નોટ : પત્નીએ પાંચ દિવસથી ખાવાનું નથી આપ્યું, ગાળાગાળી કરી સાવરણી-પ્લાસ્ટીકનો પાઈપ લઈને તુટી પડી, નાના છોકરાએ ૬ દાંત પાડી નાખ્યા, મોટો પુત્ર સુમીતે કમરપટ્ટાના છ-સાત કટકા થઈ ગયા ત્યાં સુધી ઢોરમાર માર્યો, મોટા પુત્રને આજીવન કેદની સજા થાય, આ બધાને કડક સજા થાય તેવા ઈમાનદાર પોલીસને કેસ આપજો...**


(તસવીરઃ દિલીપ ગોહેલ)

# પી.ડી.એમ. કોલેજ સામે ટ્રેન હેઠળ ઝંપલાવી પ્રૌઢનો આપઘાત

## ચાર પાનાની સ્પુસાઈડ નોટ મળી : પત્ની અને પુત્રો ઢોરમાર મારતા હોવાથી પ્રોઢએ અંતિમ પગલું ભર્યું : પોલીસ કમિશનરને સંબોધીને લખેલી સ્યુસાઈડ નોટમાં પત્ની અને પુત્રોને આજીવન કેદની સજા થાય એવી ચૌકાવનારી માંગણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

ગોંડલ રોડ પર આવેલી પી.ડી.એમ. કોલેજ સામે વહેલી સવારે કોઈ અજાણ્યા પ્રોઢએ ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે. બનાવના પગલે પોલીસ ઘટના સ્થળે દોડી જઈ તપાસ કરતા અને મૃતકના ખિસ્સામાંથી ચાર પાનાની સ્યુસાઈડ નોટ મળી આવ્યા બાદ જાણવા મળ્યું હતું કે, આપઘાત કરી લેનાર પ્રોઢ મવડી ચોકી પાસે ઉદયનગરમાં રહેતા મિસ્ત્રી પ્રોઢ હોવાનું અને પત્ની અને પુત્રોના ત્રાસથી તેઓ અંતિમ પગલું ભર્યા હોવનું બહાર આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ મવડી ચોકડી પાસે ઉદયનગરમાં રહેતા વાડોદારીયા જયસુખભાઈએલ નામના પ્રોઢએ આજે સવારે ગોંડલ રોડ પર આવેલી પી.ડી.એમ. કોલેજ સામે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. બનાવ સ્થળે પોલીસે તપાસ કરતા મુર્તકના ખિસ્સામાંથી ચાર પાનાની સ્યુસાઈટ નોટ મળી હતી. જેમાં લખ્યું હતું કે, પોલીસ કમિશ્નર સાહેબ આ મારી સ્યુસાઈડ નોટમાં સાચી હક્તિત જણાવીશ, તો તેમના અમલ વહેલાસર કરવા બાબતે હું છેલ્લા બે વર્ષથી પરેશાન છું. મારી પત્ની જયશ્રી વાડોદરીયા બંને પુત્ર સુમિત વાડોદારીયા નાનો પુત્ર વિરલ વાડોદારીયા મને અસહ્ય હેરાન પરેશાન કરે છે. છેલ્લા બે દિવસથી મને ઢોરમાર મારવામાં આવ્યો છે. તેનું ઉદાહરણ મારા પાડોશીમાં પુછપરછ કરવા વિનંતી છે. મારા બંને પુત્રને આકરામાં આકરી સજા થાય તેવી મારી નમ્ર વિનંતી છે.

ગઈકાલે સાંજે ચાર વાગ્યાની આસપાસ મારા રૂમનું બારણું બંધ કરીને મને ઢોર માર મારવામાં આવ્યો. મારી પત્ની ગાળાગાળી અને હાથમાં સાવરણી, પ્લાસ્ટિકનો પાઈપ લઈને તૂટી પડી. નાનો છોકરો વિરલ મારા મોઢાના છ દાંત પાડી નાખ્યા. ત્યાર બાદ મોટો પુત્ર સુમિત કમર પટ્ટો લઈને તૂટી પડ્યો. કમર પટ્ટાના છ-સાત કટકા થઇ ગયા તોય બંધ નોતો થતો મારો વાંક ગુનો શું હતો તો મને ઢોર માર મારવામાં આવ્યો. પાંચ દિવસથી ખાવાનું નથી આપ્યું. આ જીવન કેદની સજા થાય મારા મોટો પુત્રને એવું હું ઈચ્છું છું.

મારી પત્નીની ચાલ ચલન સારી નથી તેની વિગત હું સબુત સાથે લખીશ તેમ આ બધાને કડક સજા થાય તેવા ઈમાનદાર પોલીસ સાહેબને કેસ આપજો. મારા છોકરાવને કુકડા બનાવીને સરઘસ કાઢજો. અત્યારે મારી તબિયત સારી નથી.

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટમાં કોરોનાનો કાળો કેરઃ બપોર સુધીમાં નવા ૧૭૧ કેસ નોંધાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

રાજકોટમાં કોરોના કેસની સંખ્યામાં છેલ્લા બે દિવસથી ઘટાડો નોંધાય રહ્યો છે. પણ મોતમાં કાળો કેર વર્તાવ્યો હયો તેમ મોતનો સીલસીલો યથાવત છે. જોકે આ અંગે આખરી નિર્ણય ડેથ ઓડિટ કમિટી દ્વારા લેવામાં આવશે. ગઇકાલે ૭૨ દર્દીના મોત થયા હતા. પરંતુ ડેથ ઓડિટ કમિટીમાં ૧૪ દર્દીના મોત કોવિડમાં થયાનું જાહેર કરવામાં આવ્યું હતું. આજે બપોર સુધીમાં નવા ૧૭૧ કેસ નોધાયા છે.

રાજકોટમાં કોરોના કેસની સંખ્યામાં બે દિવસમાં ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. શહેરમાં અત્યાર સુધીમાં કુલ કેસની સંખ્યા ૩૫૦૯૯ પર પહોંચી છે. તેમજ અલગ અલગ હોસ્પિટલમાં ૩૬૪૩ દર્દીઓ સારવાર હેઠળ છે. ગઇકાલે ૬૧૮ દર્દી કોરોનામુક્ત થતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો.

ગામો-ગામ કોરોનાની ચેઈન તોડવી એ સરકારનો લક્ષ્ય છે, ત્યારે આ સ્થિતિને ધ્યાને લઇ દરેક ગામમાં સીસીસી કેન્દ્ર ઊભા કરવા પણ જણાવ્યું છે, જે કામ અગામી ૨ દિવસમાં પૂર્ણ કરવા માટે તાકીદ પણ કરવામાં આવી છે. એક તરફ જે યોજના અમલી બનાવી છે તે સારી છે, પરંતુ બીજી તરફ જે નક્કર આયોજન થવું જોઈએ તે માટે તંત્ર હજુ અસમંજસની સ્થિતિમાં છે. જેમાં સીસીસી કેન્દ્રો ઊભા કરવા માટેનો ખર્ચ કોણ ભોગવશે, શું લોકભાગીદારીથી થનારા કામમાં લોકો સાથ આપશે, શું હળવા કોવિડ લક્ષણ ધરાવતા લોકો સીસીસી કેન્દ્રોમાં જશે? જે અંગે હાલ ગંભીર વિચારણા પણ થઇ રહી છે.

### રાજકોટ સિવિલ હોસ્પિટલની ઘટના

# કોવિડ વોર્ડના ચોથા માળેથી છલાંગ લગાવી પ્રૌઢનો આપઘાત

## પ્રૌઢના આપઘાતથી મેડીકલ સ્ટાફ અને અન્ય દર્દીઓમાં ફફડાટ ફેલાયોઃ માનસિક હતાશામાં પ્રૌઢે પગલું ભર્યાની આશંકા વ્યક્ત કરતી પ્ર.નગર પોલીસ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

રાજકોટ સિવિલ હોસ્પિટલના કોવિડ વિભાગમાં ચોથામાળેથી કુવાડવા પાસેના સાયપર ગામના ૫૦ વર્ષીય પ્રોઢે છલાંગ લગાવી આપઘાત કરી લેતા અન્ય દર્દીઓ અને મેડીકલ સ્ટાફમાં ફફડાટ ફેલાયો હતો. પ્ર.નગર પોલીસે દોડી જઈ મૃતદેહને પી.પી.ઈ કીટમાં પેક કરીને પરિવારને જાણ કરી હતી. એક દિવસ પૂર્વે જ પરિવારજનો સાથે વિડીયો કોલીંગમાં વાતચીત કર્યા બાદ આજ સવારે આત્મઘાતી પગલું ભરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કુવાડવાના સાયપર ગામે રહેતા પીજીવીસીએલ માં કોન્ટ્રાક્ટ બેઇઝ મજુરી કામ કરતા જીજાભાઈ મોહનભાઈ ભલગામડીયા (ઉ.વ.૫૦) ને કોરોના પોઝીટીવ આવ્યા બાદ શ્વાસ ચડતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલના કોવિડ વિભાગમાં ગત તા.૨૯ ના રોજ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં પાંચ દિવસ સુધી કોરોનાની સારવાર મેળવ્યા બાદ માનસિક રીતે હતાશ થયેલા પ્રોઢે આજે સવારે કોવિડ બિલ્ડીંગના ચોથા માળે વોર્ડમાંથી એકાએક નીકળી ગયા બાદ લોબીમાં આટાફેરા કરી પગથીયા પાસેથી મોતની છલાંગ લગાવી હતી. ચોથા માળે મેડીકલ સ્ટાફ પ્રોઢને કઈ સમજાવે તે પૂર્વે જ આત્મઘાતી પગલું ભરી લેતા અન્ય દર્દીઓ અને મેડીકલ સ્ટાફમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

બનાવ અંગેની જાણ થતા પ્ર.નગર પોલીસ સ્ટેશનના પી.આઈ એલ.એલ.ચાવડા, રાઈટર સંજય દવે, એ.એસ.આઈ કનુભાઈ માલવિયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને લોહીથી લથબથ પ્રોઢના મૃતદેહને પી.પી.ઈ કીટ પહેરાવીને પરિવારને જાણ કરી હતી. બનાવ અંગેની જાણ થતા ભલગામડીયા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

મૃતક પ્રોઢને સંતાનમાં એક પુત્ર-બે પુત્રી છે અને ત્રણ ભાઈમાં સૌથી મોટા હતા. જો કે એક દિવસ પૂર્વે જ વિડીયો કોલીંગમાં પરિવારજનો સાથે વાત કરી હતી. પરંતુ એકાએક પ્રોઢે આત્મઘાતી પગલું ભરી લેતા પરિવાર સતબ્ધ થઇ ગયો હતો. નાનાભાઈ સંજય ભલગામડીયા ના જણાવ્યા અનુસાર હજુ ગત સાંજે જ મોટાભાઈ જીગાભાઈ સાથે વિડીયો કોલથી વાત કરી હતી. તેમને સારું હોવાનું કહીંને હાથમાં લગાડેલી સોય બતાવી હતી, એ પછી તેમને શા માટે આવું પગલું ભર્યું તે અંગે મેડીકલ સ્ટાફ સામે પ્રશ્ન ઉઠાવતા હોસ્પિટલ સ્ટાફે સીસીટીવી ફૂટેજ દેખાડ્યા હતા. જેમાં જગાભાઈ વોર્ડમાંથી બહાર નીકળી લોબીમાં જઈ છલાંગ લગાવે છે, પણ બે કર્મચારી દોડ મૂકી બચાવવા દોડતા દેખાય છે. પરંતુ તે સુધીમાં જગાભાઇ આત્મઘાતી પગલું ભરી લીધું હોય છે.

# રાજકોટમાં ભારે કૌતુક : જન્મ-મરણના દાખલા માટે ફરી સર્જાઇ લાંબી... લાંબી લાઈનો




(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

ગુજરાત સરકારે કોરોના કાળમાં એક મહત્વનો નિર્ણય તાજેતરમાં લીધો હતો તે મુજબ જાહેર જનતાને ઘરે બેઠા જન્મ અને મરણના પ્રમાણ પત્રો મળી જવાની જાહેરાત કરવમાં આવી હતી. મોટા ઉપાડે આ નિર્ણય લેવાયા બાદ ગમે તે કારણે રાજકોટ મનપાની કચેરી સુધી સરકારનો ફેંસલો પહોંચ્યો નથી અથવા તો મનપાને જાણ ન હોય એવા દ્રશ્યો રાજકોટ મનપા કચેરીમાં જોવા મળી રહયા છે. અહીં જન્મ-મરણના દાખલા માટે લાંબી લાઇનો આજે ફરી જોવા મળતા ભારે આશ્ચર્ય સર્જાયું છે. જો સરકારે ઓનલાઇન પ્રમાણપત્રો આપવાનો નિર્ણય લઇ લીધો હોય તો મનપાની બારી શા માટે ખોલવામાં આવી હતી? શહેરીજનોને આ અંગે કેમ કોઇ જાણકારી હજી આપવામાં આવી નથી? જો કે ખાટલે મોટી ખોટની જેમ આજે સવારે ૧૧ વાગ્યાથી જ સરવર ઠપ્પ થઇ ગયું હોવાથી જન્મ-મરણના દાખલા નિકળી શકયા ન હોતા. કમિશનરે ખુદ સ્પષ્ટ નોંધ બહાર પાડી છે કે, જન્મ-મરણના દાખલા ઓનલાઇન મળશે છત્તાં કોર્પોરેશનમાં આજે મોટી સંખ્યામાં બહેનો સહિતના અરજદારોએ ધોમધગતા તડકામાં કેમ ઉભા રહેવું પડયું એ વિશે મનપાએ સ્પષ્ટા કરવી જોઇએ.

સ્થળ પર પહોંચેલા અમારા પ્રતિનિધિ સાથેની વાતચીતમાં રોષે ભરાયેલી બહેનો અને અન્ય અરજદારોએ ઓનલાઇન દાખલા મળતા નથી એટલે રૂબરૂ આવવું પડયું છે. અનેક પ્રયાસો કરવા છતાં ઓનલાઇન પ્રમાણ પત્રો નીકળતા નથી. જયારે મ્યુ.કમિશનરે તાજેતરમાં જાહેર કર્યુ હતું કે, ઓનલાઇન વ્યવસ્થા ઉપલબ્ધ છે. મ્યુ. કમિશનરે એ માટેની વેબસાઇટ પણ જાહેર કરી હતી જે મોબાઇલ કે કોમ્પ્યુટરમાં ઓપન થઇ શકે છે. આ સાઇટ ઓપન કરતા હોમ પેઇઝ પર સીટીજન સેન્ટરમાંથી ડાઉનલોડ સર્ટીફીકેટમાં કલીક કરવાનું રહે છે. ત્યાર બાદ બર્થ કે ડેથ એ પ્રમાણપત્ર સીલેક કરવાનું હોય છે. સીલેક કર્યા બાદ મોબાઇલ નંબર અથવા એપ્લીકેશન નંબર પૈકી કોઇ એક વિગત દાખલ કરી સર્ચ કરવાથી વિગતો સ્ક્રીન પર આવશે અને ડાઉનલોડ ઓપ્સન આવ્યા પછી

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટમાં લઘુતમ તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર નોંધાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

રાજકોટ અને સૌરાષ્ટ્રમાં ગરમી અને માવઠા જેવા હવામાનનો અનુભવ થઇ રહયો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહયો હોવાનું નોંધાયું હતું. હજુ પણ અમુક વિસ્તારોમાં માવઠા જેવું હવામાન છે. જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘણા સ્થળે કમૌસમી વરસાદ થતા ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઇ છે. રાજકોટમાં આજે પણ ગરમીનો પારો મહતમ ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો હતો. આગામી દિવસો હિટવેવની સાથે સાથે માવઠાની પણ હવામાન ખાતાએ આગાહી કરી છે. મિશ્ર વાતાવરણને કારણે બિમારીઓનું પ્રમાણ બેહદ વધી રહયું છે. વાઇરલ તાવ અને શરદી, ઉધરસ, પેટના રોગો વકરી રહયા છે.

જુનાગઢમાં ગઇકાલના કમોસમી વરસાદ બાદ સવારથી અસહય ઉકળાટ અને બફારોએ માજા મુકતા લોકો પરસેવે રેબઝેબ થઇ ગયા છે. જુનાગઢ સહિત આસપાસના વિસ્તારોમાં સોમવારની સાંજે કમોસમી વરસાદ થયો હતો.

### બદલ જાઓ વકત કે સાથ યા ફીર વકત બદલને કા હૌસલા પેદા કરો

# આશ્વાસનના બે શબ્દો પુરતા છે એક મહામુલી જીંદગી બચાવવા



**મહામારીના પગલે લોકોની અને ખાસ કરીને દર્દીઓની માનસીક સારવારને પ્રાધાન્ય જરૂરી, સતત એકના એક વાતાવરણને કારણે અનેક લોકોના જીવનમાં આશાને બદલે નિરાશાના વાદળ, નિરાશાવાદથી ઝઝુમવું એ બિમારી સામે ટક્કર લેવા કરતા પણ અઘરૂ, નવી સામાજીક સમસ્યા, હતાશામાં ઘેરાતા દર્દીઓ, પરિજનો અને આમ જનતા માટે સ્વસ્થ વાતાવરણ સર્જવાની જરૂર, હોસ્પિટલોમાં અને સાર્વજનીક જાહેર સ્થળો પર તાકિદે કાઉન્સેલીંગ સેન્ટર શરૂ કરો, અત્યારે દવા ઉપરાંત અનેક લોકો માટે હિંમ્મત અને જુસ્સો પુરો પાડવાના શબ્દ થેરાપી જરૂરી, સામાજીક સંસ્થાઓ, સંગઠનોની મદદ લઈને દર્દીઓની ચો તરફ પોઝિટિવ હવામાન રચો, સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કોવિડ દર્દી અને ગુંજાએલા, ડરેલાના આપઘાતની ઘટનાઓ ચિંતા પ્રેરક**

**બેહતર સે બેહતર કી તલાશ કરો, મીલ જાએ નદી તો સમંદર તલાશ કરો**
**ટુટ જાતા હૈ શીશા પથ્થર કી ચોટ સે, ટુટ જાએ પથ્થર વો શીશા તલાશ કરો**

**(ખાસ અહેવાલ અસલમ ફારૂક)**

રાજકોટ, તા.૪

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં કોરોનાની મહામારીની સાથે સાથે એક બહુ મોટી સામાજીક સમસ્યા મોઢુ ફાડીને ઉભી થઇ રહી છે. જેના કારણે સમાજ શાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનીકો, આગેવાનો અને સરકારી તંત્ર પણ મુંઝવણમાં મુકાઇ જવા પામ્યા છે. આ સમસ્યા એવી છે જેનો ઇલાજ કરવા માટે દવા અને વેન્ટિલેટ કે રેમડેસિવિરની જરૂર છે ખુબ જ પ્રેરણા પુરી પાડતા અને આશ્વાસન આપતા બે શબ્દોની... હા અત્યારે સમગ્ર સમાજ સામે કોરોના મહામારી જેવો એક બહુ મોટો પડકાર ઉભો થયો છે. આ બિમારી શારીરક નથી પરંતુ માનસીક

(અનુ.પાના નં.૪ ઉપર)

## ઉત્તરપ્રદેશમાં પંચાયત ચૂંટણીઓમાં ભાજપના સુપડા સાફ થઇ જતા ભાજપ છાવણીને બંગાળ બાદ બીજો આંચકો : વડાપ્રધાન મોદીના મત વિસ્તાર વારણસીમાં જિલ્લા પંચાયતમાં સપાનો દબદબો, ૧૪ બેઠક મળી


**સોનલ કેટરર્સ**
શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.
૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ
સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.
સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.


SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.